કુમાર

અંક ૯

ઉગતી પ્રજાનું માસિક

ભાદરવો

વર્ષ ૧
અંક ૯

૧૯૮૦



તંત્રી
રવિશંકર રાવળ

પુસ્તક પહેલું | કુમાર | સંવત ૧૯૮૦
અંક : ૯ | | ભાદરવો

ઉગતી પ્રજાનું માસિક
તંત્રી : રવિશંકર રાવળ
કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

એ પ્રેમળ જ્યોતિ — મુખચિત્ર
રાષ્ટ્રદેવ — ૩૨૩
મિજલસ — ૩૨૪
એ પ્રેમળ જ્યોતિ
મહાદેવ હરિભાઇ દેશાઇ — ૩૨૯
ભાદરવો (કાવ્ય)
ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ — ૩૩૦
એલા આણે તે કનઈડયો
ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ — ૩૩૨
માનો સાદ (કાવ્ય)...'હિમાલય' — ૩૩૩
અથાણું — ૩૩૫–૩૪૯
કાળા માથાનો માનવી શું ન કરે? — ૩૩૬
કિરીટ — શ્રી ધનગોપાલ — ૩૪૨
રાષ્ટ્રધ્વજ
પુરુષોત્તમ નારણદાસ ગાંધી — ૩૪૮
ઇતિહાસદર્શન — 'ધૂમકેતુ' — ૩૫૦
શાહજહાંનું મૃત્યુ (ચિત્ર)
ચિત્રકાર શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર — ૩૫૦
ગાંધીજીને અમદાવાદ મ્યુનિસિ-
પાલિટીનું માનપત્ર (ફોટો) — ૩૫૧
પુછો તંત્રીને — ૩૫૪
પુસ્તકો: નવાં અને જુનાં — ૩૬૦
આકાશદર્શન — હરિહર ભટ્ટ — ૩૬૧
માધુકરી — ૩૬૨
લીલો મેવો — ૩૬૪

લવાજમ
વરસના રૂા. ૯ — છ માસના રૂા. ૩
પરદેશના રૂા. ૭: છુટક નકલના દસ આના

મહારગામના એજન્ટો
નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઇ–૩.
જોશી બ્રધર્સ, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબાઇ–૧.
કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.
યુગાન્તર કાર્યાલય, લાલગેટ સામે, સુરત.



રાષ્ટ્રદેવ

રાષ્ટ્રદેવ ! પિતાઓનો પણ પિતામહ તું છે; તેથી જ તો માબાપે જન્મ આપી મને તારે ચરણે ધર્યો છે.

કરોડ કરોડ લાગણીઓનું તારૂં હૃદય થયું છે, અને કરોડ કરોડ આંસુઓની તારી આંખ થઈ છે. તારા અણુ યે અણુમાં રાત ને દિવસ અથાક પ્રાણ ચાલી રહ્યો છે.

નાની આંખે મને નવું દર્શન લાધ્યું છે. નવા પ્રાણ અને નવી ભક્તિથી મારૂં મન ભર્યું રહે છે. નજર આગળ એક તારી જ મૂર્તિ તર્યા કરે છે.

હસતાં નેણ જેવાં ગામડાં અને પવિત્ર પાંપણ જેવી ખેતીવાડી મને કુદરતનો સંદેશ દઈ બોલાવી રહી છે.

ઉંચનીચના, નાતજાતના અને ધર્મના ખોટા બાધ નીકળતા જાય છે, અને અમે સૌ ભાઇઓ સાદા ને પવિત્ર, સ્વતંત્ર ને સંપીલા થઈ ભેટીએ છીએ.

આજ સ્વધર્મનો શંખનાદ થાય છે; અને દેશદેશની પ્રજાઓ વચ્ચે મારે તારો વાવટો ફરકતો રાખવાનો છે.

દેવ, તારા બાળસૈનિકની ટેક છે કે કલ્યાણના માર્ગમાંથી એક ડગલું પણ એ પાછું દેનાર નથી.

વીર પૂર્વજોનો આત્મા મારામાં છે. હવે તો માત્ર તારો આદેશ, રાષ્ટ્રદેવ !



દુશ્મન

'કોઇને દુશ્મન ન કરવા એ મિત્રો કરવાને. સહેલામાં સહેલો રસ્તો' ગયે મહીને બતાવ્યા પછી પણ આ મહીને તમને એક દુશ્મનની વાત કરવાની રહે છે.

કહે છે કે 'દુશ્મન તો દેવને પણ હોય છે.' ખરી વાત છે. દુશ્મન તો હોય જ. પણ સજ્જન તો એ કે જે દુશ્મન મિટાવી દે છે.

દુશ્મનના પણ પ્રકાર હોય છે. કેટલાક આપણી જોડે છડેચોક વેર બાંધે છે અને આપણને ખુલ્લી રીતે નુકસાન પહોંચાડે છે; કેટલાક છાની રીતે નડે છે; પણ કેટલાક તો મિત્ર બની જઈ આપણી બધી બાજી જાણી લે છે અને છાના ઘા કરે છે. દુનીઆ જાણે છે કે એ આપણો દુશ્મન છે; પણ આપણે તો એને દોસ્ત જ ગણીએ છીએ. અને એ આપણને સૌથી વધુ નુકસાન પહોંચાડે છે.

આજે હું તમને એવા જ દુશ્મન વિષે કહેવા માગું છું. આપણો દોસ્ત બની તે આવે છે. આવે છે ત્યારે તેની મોહબ્બત મીઠી લાગે છે; તે દિલોજાન દોસ્ત બને છે. પણ સાથે સાથે તે આપણને ફુંકી જોતો હોય છે. છાનું છાનું તે આપણામાં ઝેર રેડે છે. એ સત્યાનાશીની આપણને જાણ પણ નથી થતી.

અને પછી તો સાપે છછુંદર ગળ્યા જેવો ઘાટ થાય છે. પાછળથી આપણને જાણ થાય છે કે એની દોસ્તી નુકસાનકારક છે—જીવલેણ છે. પણ એ મુકાતી નથી. એ દોસ્તી અકારી હોય છે, છતાં છોડતાં આકરી લાગે છે.

પણ જે સજ્જન છે, જે વીર છે, જે મરદ છે તે ચેતી જાય છે. પોતાની સઘળી શક્તિ અને સાધન વડે એ તેની સામે થાય છે. તેની સાથે ખુલ્લું યુદ્ધ માંડે છે. દુશ્મન જીવલેણ હોય છે, પણ વીરનો આગ્રહ દૃઢ અને પ્રયત્ન સબળ હોય છે. દુશ્મનને તે મારી હઠાવે જ છે.

જે સદાકાળ ચેતેલો નથી રહેતો, જે ગાફિલ રહે છે, તેને આવો કોઇ ને કોઈ દુશ્મન હોય છે. તમે વેળાસર ચેતીને તપાસી લેજો કે આવો કોઇ દુશ્મન તમારામાં ઘર તો નથી કરતો ને ?

એ દુશ્મનનું નામ 'કુટેવ' છે.—કુટેવ, ખરાબ આદત, વ્યસન.

થતી આવતી કુટેવનો નશો બહુ મધુરો હોય છે; મોહક હોય છે. ગાફિલ તેના પંજામાં તરત ફસાય છે. એટલે કુટેવો છોડવા ઈચ્છનારે પહેલી વાત તો ચેતતા રહેવાની છે; સાવધાન બની જવાની છે; સદાકાળ જાગ્રત રહેવાની છે.

તમારી જાત પર સખત પહેરો રાખો, તમારા મનના કડક ચોકીદાર બનો : રખે કોઇ કુટેવ, કોઈ ગેરઆદત, કોઇ વ્યસન તમારામાં ઘર કરે.

ચારિત્ર્યની ઝળક

ગયે મહીને મલબાર પ્રાંતમાં ફરી વળેલી પાણીની રેલને લીધે ત્યાંનાં સંખ્યાબંધ ગામો ધોવાઈ ગયાં અને હજારો માણસો ઘરબાર, લુગડાંલત્તાં ને ખોરાક વિનાનાં થઇ નિરાધાર ભીખારીની દશામાં આવી પડ્યાં. એ સંકટ સમયે સહાય આપવા ગાંધીજીએ દેશને જે સાદ દીધો છે તેનો જવાબ લોકોએ પૈસા ને કપડાંની મદદ વરસાવીને, ઘણી જ ઉલટથી અને સારી રીતે વાળ્યો છે. પણ એ સંકટ નિવારણમાં આવેલા એક ફાળાની હકીકત ખાસ નોંધવા જેવી છે.

ગુજરાત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને આ સંકટ-નિવારણમાં સહાય આપવાનું કહીને ગાંધીજીએ માગણી કરેલી કે 'તમારી પાસે જમા પડેલી રકમમાંથી, કે તમારી વધી પડેલી વસ્તુમાંથી આપો તેનો કશો અર્થ નથી. તે ઉપરાંત ચોખ્ખી અગવડ ભોગવીને તમે આપો.' અને વિદ્યાર્થીઓએ આનો જવાબ બહુ ઉત્તમ રીતે વાળ્યો છે. વિદ્યાપીઠના છાત્રાલયમાં રહેતા કોઈ વિદ્યાર્થીઓએ ઓછું ખાઇને, તો કોઇએ શાક કે દુધ છોડીને તેના બચેલા પૈસા મલબાર ફંડમાં આપ્યા છે. કેટલાકે તો, વિદ્યાપીઠનું જે મકાન હાલ બંધાય છે તેમાં એક દિવસ મજુરી કરીને તે દહાડાની કમાણી દેશના દુઃખી ભાઈઓ માટે આપી છે.

મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનું આ આચરણ એ આપણી ઉગતી પ્રજાના ઘડાતા આવતા ચારિત્ર્યના આંકરૂપ છે. આવા પ્રસંગો એ આપણામાં રહેલા ઝવેરાતની કસોટીછે, અને આપણી ઉગતી પ્રજામાં એ કસોટીએ ચડી પોતાનું

હીર બતાવી આપવાની શક્તિ રહેલી છે, એ આપણો જયવારો સુચવે છે. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓના એ આચરણમાં પોતાના દેશબાંધવો માટેની દાઝ, પોતાના રાષ્ટ્ર તરફની ભક્તિ, ને માનવજાતિ પ્રત્યેનો પ્રેમ ઝળકે છે; ને તેથી યે વધુ એમનું ચારિત્ર્ય તેમાં ઝળકે છે. આપણે એમનું અભિનંદન કરીએ.

અને આમ તમારા મન પર આકરો જાપતો રાખવા જેટલું, તમારી જાતના નિર્દય પહેરેગીર બનવા જેટલું બળ આવી જશે એટલે ગમે તેટલી જામેલી ને જુની કુટેવને પણ તમે ફગાવી દઇ શકશો.

ખસુસ માનજો કે માણુસના મનની દૃઢતા અને અડગ શ્રદ્ધા આગળ દુનીઆની દરેક વસ્તુ હારી જાય છે. મુસીબતોના પહાડને તે હચમચાવીને ફંગોળી દઈ શકે છે; મુશ્કેલીઓના મહાસાગરને તે તરીને પાર કરે છે. દૃઢ મન અને અખુટ શ્રદ્ધા એ બે તમારામાં હોય તો કુટેવો છોડવાના માર્ગ તો અનેક છે.

એક માણુસે પોતાની તમાકુ પીવાની કુટેવ છોડવા અથાગ પ્રયત્ન કરેલો. તેને વારંવાર તમાકુ પીવાનું મન થઇ આવતું. પણ તેણે બતાવેલી દૃઢતા અદ્ભુત હતી. તે હમેશાં પોતાના ગજવામાં જ તમાકુ લઇને ફરતો. જ્યારે જ્યારે તેને એ પીવાનું મન થઈ આવતું, ત્યારે ત્યારે ગજવામાંથી એ તમાકુ કાઢી તેની સામે જોઈ કહેતો, ' તું છે વનસ્પતિ, ને હું છું માણુસ. હું તારા પર જરૂર વિજય મેળવવાનો. ' અને સાચ્ચે જ તેણે પોતાની એ કુટેવ પર વિજય મેળવ્યો.

અભિમાન છોડી દઈ, તમારા મિત્રોમાં તમારી ખરાબ આદતોનો એકરાર કરજો, અને તેની સામે થવા માટે તમે માંડેલા પ્રયત્નો નિખાલસપણે જાહેર કરજો. એથી પણ નવું બળ મળશે.

એક અમેરિકને દારૂ પીવાની ટેવ કેમ છોડી તે જાણુવા જેવું છે. તેણે છાપામાં જાહેરખબર આપી કે મેં દારૂ પીવાની ટેવ છોડી છે; અને હવેથી જે કોઈ મને દારૂ પીતો પકડશે તેને પચાસ ડોલર ઈનામ મળશે.

તમારામાં હોય તેટલું બળ એકઠું કરીને તમારી કુટેવો છોડવા કમ્મર કસો; અને આજથી જ તેની શરૂઆત કરો. આજે તમારા મનની નબળાઇને વશ થઇ જઇ એ વાત કાલ પર નાખશો, તો ખચિત માનજો કે એમ હમેશાં તમે હાર્યા પછી તમારા મનને છેતરશો કે ' હવે કાલથી યત્ન કરીશ.' ......અને એ કાલ કોઇ દિવસ નહિ આવે.

કાંતજે સંભાળથી,
કાંતજે સદ્ભાવથી,
તાંતણો પણ, માનવી!
હરિહાથ તારો સોંપજે.

સસ્તું કુમાર

ગામડાંમાં વસતા કેટલાક ભાઇઓ અને ગરીબ વિદ્યાર્થીઓ તરફથી ઘણી વાર અમને કાગળો મળ્યા છે કે 'કુમાર' તેમને અત્યંત ગમતું હોવા છતાં તેનું લવાજમ ભારે લાગવાથી તેઓ મંગાવી નથી શકતા. એ જાણી અમને ઘણું દુઃખ થતું, પણ અમારો બીજો કશો ઉપાય નહોતો; કારણકે ભારે ખોટમાં ચાલતું 'કુમાર' આથી વધારે સસ્તું કરવાની અમારી શક્તિ નથી એ વાત હવે વારંવાર કહેવાની જરૂર નથી રહી. પરંતુ અમને જણાવતાં આનંદ થાય છે કે એક ઉદાર સજ્જને અમને એવી યોજના સુચવી છે કે જેથી આવાં ૨૫ ગરીબ ગ્રાહકો અરધે લવાજમે—એટલે ત્રણ રૂપીઆ ભરીને—એક વર્ષ સુધી કુમાર મેળવી શકે. એમના લવાજમના બાકીના ખુટતા ત્રણ રૂપીઆમાંના બે રૂપીઆ એમણે પોતે આપવાના કબુલેલા, અને બાકીના એક રૂપીઆની વ્યવસ્થા કુમાર કાર્યાલયે કરવાની હતી. પણ એક બીજા સજ્જને એ બાકીની ખોટ પણ પુરી પાડી આપવાનું વચન આપ્યું છે.

એટલે કુમારનું ચાલુ લવાજમ જેને ભરવું ન પોસાતું હોય તેવાં, ગામડાંઓમાં વસનારા વાંચનાર ભાઇઓ તથા મંડળોને અમે ખબર આપીએ છીએ કે આ યોજના અનુસાર અમે ૨૫ ગ્રાહકોને ત્રણ રૂપીઆમાં એક વર્ષ સુધી 'કુમાર' આપી શકીશું. તે માટે કેટલીક સાદી શરતો છે તે આ નીચે આપી છેઃ

૧ જે સજ્જન, સન્નારી કે શિક્ષક નીચેની શરતો કબુલ કરશે તેને ત્રણ રૂપીઆમાં એક વર્ષ સુધી 'કુમાર' મેળવવાની આ યોજનાનો લાભ મળશે.

૨ આ યોજના પ્રમાણે ગ્રાહક થનારે 'કુમાર'નો દરેક અંક દસ છોકરાંઓ આગળ વાંચી બતાવવો, સમજાવવો તથા તેનાં ચિત્રો બતાવવાં.

૩ જે દસ બાળકો આગળ આ પ્રમાણે 'કુમાર'નું વાંચન કર્યું હોય તેમનાં પુરાં નામ દર મહીને 'કુમાર કાર્યાલય' ને લખી મોકલવાં.

૪ આ યોજનાનો લાભ ફક્ત એક જ વર્ષ સુધી મળશે; અને આખા વર્ષના જ ગ્રાહક થઈ શકાશે; છ માસના નહિ.

આ શરતે અરધે લવાજમે કુમાર મેળવવાની ઇચ્છા રાખનારે તાકીદે લખી જણાવવું. બીજા વાંચકોને પણ વિનંતિ છે કે, આ લાભ લઇ શકે તેવાં કોઇ ગામડાંઓ તેમના ધ્યાનમાં હોય તો ત્યાં આ ખબર આપવા જેટલી ભલમનસાઈ દાખવવી.

એ પ્રેમળ જ્યોતિ

[જગતને જે જે મહાન પુરુષો મળ્યા છે તેમની યાદગીરી એમની જયન્તિ ઉજવીને જાળવવામાં આવે છે. વળી જે પરમાત્મ સત્તાએ તેમને આ જગતના કલ્યાણ કાજે અવતાર્યા તેનો પણ એ રીતે ઉપકાર મનાય છે.

ભાદરવા મહીનાની અંધારી બારશ એ ગાંધીજીના જન્મની પુણ્યતિથિ છે. આપણે એને 'રેંટીઆ બારશ'ના નામથી પણ ઓળખીએ છીએ. ગાંધીજી અને રેંટીઓ આમ અનોખા અને એક બને છે.

ગાંધીજી જગતમાં 'નરોત્તમ' છે. અતિ કઠોર તપસ્યા કરીને એમણે જીંદગીનું ઘડતર માંડ્યું, અને પરિણામે આજે એ મહા પુરુષ બની શક્યા છે. સત્ય, પ્રેમ અને અહિંસાના મર્મ ઉકેલી, એ સૌને પોતાના ચારિત્ર્યમાં વણી દઇ એમણે મનુષ્યનું અને સમાજનું બંધારણ નવેસરથી રચ્યું છે. આપણે મન એ ચમત્કાર જેવું લાગે છે. પણ આ નીચે આપેલો એમનો પરિચય પોકારીને કહે છે કે એમના જીવનમાં ચમત્કાર જેવી કોઈ વસ્તુ નથી; પ્રારબ્ધ જેવી કોઈ ચીજ નથી. કઠોર તપ, સતત પ્રયત્ન, જાગ્રત ચિંતન અને પોતાની જાતની આકરી કસોટી એ વડે જ એ 'નરોત્તમ' બની શક્યા છે.

'એ પ્રેમળ જ્યોતિ' જોનાર અને જાણવા મથનાર મહાદેવભાઈ ગાંધીજીની હુજૂરમાં રહેનાર શિષ્ય અને ભક્ત છે. મહાદેવભાઈનું પૂજકહૃદય પોતાની શ્રદ્ધા ને ભક્તિને બળે એ મહા-પુરુષનું સુંદર અને ભવ્ય દર્શન કરે છે. એવા દર્શનનો અનુભવ બોલતો એમનો નીચેનો લેખ 'કુમાર'ના વાંચનારાઓ માટે મેળવવા અમે ભાગ્યશાળી થયા છીએ. એ વાંચીને વાંચનાર પણ ગાંધીજીનું એ ધન્ય દર્શન પામે એમ અમે ઇચ્છીએ છીએ.]

'કિરણ સૂર્યનાં કેમ વર્ણીશ ?' —અખો

કળાના સુંદર નમુનાનું એક જ માસિક 'કુમાર', અને તે યે કુમારોને માટેનું; એટલે ગાંધીજીની આવતી જન્મ-જયન્તિના અરસામાં નીકળનાર એના અંક માટે કાંઇ આપવાની ના શી રીતે પડાય ? પણ મેં અશક્ય કરવાનું વચન આપી દીધેલું એમ કલમ હાથમાં લેતાં જ લાગે છે. અનેક ખગોળવેત્તાઓએ સૂર્યનાં વર્ણન આપવાનો પ્રયત્ન કર્યો છે, તેની પરિસીમાની ગણત્રી કરવાનો પ્રયત્ન કર્યો છે; અનેક ચિત્રકારોએ સૂર્યને ચીતરવાનો પ્રયત્ન કર્યો છે; પણ કોણ ફાવ્યો છે ? જો એનાં કિરણ વર્ણવી શકાય તો ગાંધીજીનાં કિરણ વર્ણવી શકાય. જેમના પ્રચંડ મધ્યાહ્ન આપણે

જોયા, જેના તેજમાં કેવળ તેમના કરુણાકટાક્ષે જ બળ્યા વિના બચી જવાયું, જેમના સંધ્યાના સુભગ રંગો આજે દેખા દે છે, જેમના પ્રખર તેજમાં રહેલી સૌમ્યતા, શીતળ નિર્મળ ચંદ્રમાના સુંવાળા તેજથી પણ આપણને માપવી પડશે, અને જેને આખરે પાછા પ્રાતઃકાળે વિલસતા સોનેરીએ પૃથ્વીને સુવર્ણમય કરતા આપણે જોઇશું તેનાં એ સહસ્ત્રકોટિ સ્વરૂપો અને સહસ્ત્રકોટિ કિરણો વર્ણવવાની મારી શક્તિ નથી.

વળી એક બીજી વાત છે. કોઇ કવિએ કહ્યું છે, ' જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ; ' અને એક સાધુએ તેમાં ઉમેર્યું છે, ' જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી. ' ગાંધીજી તો અનુભવી રહ્યા; પોતાના અનુભવની જ જ્યાંત્યાં વાતો કરનારા, પારાવાર આત્મમંથન અને આત્મનિરીક્ષણના ઉંડાણની આપણને ઝાંખી કરાવનારા રહ્યા. એમના અનુભવનાં વચનો જ સંઘરીએ તો પછી એમને વિષે ભાંગુંતુટું કાંઇ કહેવાની શી જરૂર રહે ? છતાં કુમારના તંત્રી ' નવજીવન ' અને 'યંગ ઇન્ડીઆ'માં આવતાં એમનાં અમર વચનોમાંથી મારી પાસે ઉતારા નથી માગતા તે હું જાણું છું. કારણ તેવા ઉતારા તો તેઓ મારા કરતાં વધારે કલામય રીતે કરી શકે છે. તેમની તો માગણી છે કે હું એ સૂર્યના પ્રકાશમાં બીજા કરતાં વધારે રહેવાનો અઘટિત અધિકાર મેળવી રહ્યો છું, તે મારે મારૂં ઋણ અદા કર્યે જ છુટકો.

સાચી વાત તો એ છે કે એ અઘટિત અધિકારમાં કશી વિશેષતા નથી. સૂર્યનો પ્રકાશ પ્રાણીમાત્રને સર્વ કાળે સર્વ સ્થાને મળી રહે છે. જે એ પ્રકાશનો વધારે અનુભવ કરે તે જ તેને બરોબર વર્ણવી શકે; જે તેનાં કિરણો પોતાના જીવનમાં વધારેમાં વધારે ગુંથે તે જ તેનો મહિમા બરોબર ગાઇ શકે. એટલે જ ગાંધીજીનો મહિમા ગાનારાઓમાં, જેમણે તેમને કદિ ન જોએલા એવા મોં. રોલાઁ અને હોમ્સ જેવા અગ્રસ્થાને છે.



ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં બૅરિસ્ટર તરીકે

સેવાને કારણે એમણે જન્મ ધર્યો, પોતે તરીને બીજાને તારવાને કારણે એમણે જન્મ ધર્યો, પોતાની અપૂર્ણતા પુરી બીજાને અપૂર્ણતા પુરવાનો પાઠ આપવાને જન્મ ધર્યો. આવી રીતે તરવાને પંથે અને પૂર્ણતાને પંથે પડેલાઓ ગાંધીજીના જન્મદિવસમાં પોતાના પુનર્જન્મના દિવસનો ઉત્સવ ઉજવી શકે છે. આવા અસંખ્ય પુનર્જાતોમાંનો હું તો એક છું.

એમનાં પ્રથમ દર્શન થયાં ત્યારથી તે આજ સુધી असतो मा सद्गमय (અસત્યમાંથી મને સત્યમાં લઈ જા), तमसो मा ज्योतिर्गमय (અંધકારમાંથી મને પ્રકાશમાં લઇ જા), मृत्यो र्मा अमृतं गमय (મૃત્યુમાંથી મને અમૃતમાં લઈ જા) —ની પ્રાર્થના મેં એમને ચરણે ધરી છે; કારણ, જે અસતમાં અનેક પ્રાણીઓની જેમ મારૂં જીવન વીતતું હતું, જે તમસમાં મારૂં જીવન જતું હતું, જે પ્રતિપલ મૃત્યુમાં વીતતી જતી હતી તેનું ભાન મને તેમણે પ્રથમ કરાવ્યું. એ જ ભાન તેઓ આજે પણ આખા જગતને કરાવી રહ્યા છે, અને આખું જગત જાણેઅજાણે ઇચ્છાએ અનિચ્છાએ મારા જેવી જ પ્રાર્થના કરી રહ્યું છે એમ હું માનું છું.

પણ હું જોઉં છું કે હું તો 'કુમાર'-ને માટે લખું છું એ વાત ભુલી ગયો. મને કુમાર જ ગણીને મારૂં ઘડતર ગાંધીજીએ કેવી રીતે શરૂ કર્યું તેની એકાદ બે વાત કરૂં તો તે કુમારોને વધારે રુચશે.

૧૯૧૭ની સાલમાં એક દિવસે બેતીઆમાં તેમણે મારૂં ઘડતર શરૂ કર્યું. એ દિવસ મારો જન્મદિવસ હતો. સવારે મને આજ્ઞા થઈ કે મારે રોટલી વણવી. હું કોઇ દિવસ ચુલા પાસે બેઠો નહોતો. મેં કહ્યું, 'મને શી રીતે આવડશે?' ગાંધીજી કહે, 'વેલણ, લોટ અને પાણી છે, પછી કેમ ન આવડે?' મેં લોટ બાંધવા માંડ્યો. પાસે એક જણ હતો તેની મદદ લઇ લોટ બાંધ્યો. આમ ચોરીથી લોટ બંધાવવાનું કામ ચાલતું હતું ત્યાં ગાંધીજી નાહીને આવ્યા. 'આ શું ચાલે છે? મારે તો લોટ તારી પાસે બંધાવવો હતો; રોટલી તારી પાસે વણાવવી હતી.' ગાંધીજીના શબ્દોમાં ખસુસ કરીને કડકાશ હતી. મારી ધીરજ ન રહી. મેં મારાં આંસુએ લોટને પલાળ્યો. હું વિમાસતો હતો ત્યાં તો ગાંધીજી પોતે બેઠા અને રોટલી વણવાનો પદાર્થપાઠ આપવા લાગ્યા. પછી મારી પાસે વણાવી, અને કાચીપાકી શેકેલી તે રોટલી પોતે ભાવપૂર્વક આનંદથી આરોગી. આનંદથી આરોગીને જ પોતાનાં વચનોની કડકાશ તેમણે કાઢી લીધી.



ગાંધીજી: સત્તર વર્ષના

मउ मेणाहूनि आम्ही विष्णुदास कठिण वज्रास भेदुं ऐसे

એ મીણથી પણ મુલાયમ અને કઠણ વજ્રને પણ ભેદે એવું પોતાનું સ્વરૂપ તેમણે પહેલે જ દિવસે મને દાખવી દીધું. મેં ગાંધીજીને કહ્યું, 'આજે મારો જન્મદિવસ છે.' ગાંધીજીએ કહ્યું, 'સાચે જ તારા જન્મની આજે શરૂઆત થાય છે.' તે દિવસથી તેમણે મારી અપંગતાનો નાશ કરવો શરૂ કર્યો. મને કપડાં ધોતાં પોતે શીખવ્યું, પાયખાનું સરસ સાફ કરતાં પોતે શીખવ્યું, મગની દાળને ઓરતાં પહેલાં તેનાં છોડાં સાફ કરતાં તેમણે શીખવ્યું, અને નાનામાં નાની વસ્તુ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાનો પાઠ તેમણે જ પ્રથમ આપ્યો. એક દિવસ પાકીટ ઉપર ટીકીટ બરોબર ઠેકાણે નહોતી ચોડી તે ઉખેડાવીને બરોબર સ્થાને ચોડી દેખાડી; એકવાર કાગળ ચીરીને ખોટે ઠેકાણે નાખ્યા હતા તે વીણાવીને યોગ્ય સ્થાને નખાવ્યા. 'નાનું કામ સરસ રીતે કરવાની દરકાર ન રાખો, તો મોટા કામમાં પણ તમે બેદરકાર રહેવાના. યોગઃ कर्मसु कौशलम् નો બીજો અર્થ નથી. એકાગ્રતા વિના એ ન થાય. જે કાળે જે કામ કરીએ તે મય થઈ જઇએ તો જ આ કૌશલ આવે.

એ કૌશલ આજે કેવું પ્રગટેલું સૌ જુએ છે તે

કહેવાની જરૂર નથી. પણ જાહેર પ્રવૃત્તિની હું વાત જ નથી કરવાનો. એમનું જાહેર જીવન તે એમના ખાનગી જીવનનો પડઘો છે. જેમ એમના જાહેર જીવનમાં કર્મ વાણીને વફાદાર છે, અને વાણી વિચારને વફાદાર છે, તેમ જ ખાનગી જીવનમાં પણ. પરંતુ ખાનગી જીવન અને જાહેર જીવનના વિભાગ શા સારૂ પાડું? એમના ખાનગી જીવનની સાથે જાહેર જીવનને એટલું બધું સગપણ છે કે એક ખાતાને માટે બનાવેલા નિયમો તેમણે બીજાં ખાતાંને લાગુ પાડ્યા છે અને લાગુ પાડ્યે જાય છે, અને તેમ કરતાં ખાનગી જીવનને પણ જાહેર જીવન જેટલું જ જાહેર કરી મુકે છે. ફ્રેંચ વિચારક પાસ્કલને વિષે કહેવાય છે કે તેણે પોતાના ખાનગી જીવનને એટલું બધું જાહેર કરી મુક્યું હતું કે જે અષ્ટકોણીઆ ઘરમાં તે રહેતો હતો તેની આસપાસ તેણે આઠે ખુણે કાચનાં જ બારીબારણાં બનાવડાવ્યાં હતાં, કે જેથી તેની કોઇ પણ પ્રવૃત્તિ સૌકોઇ જોઇ શકે. ગુપ્તતા વિષેનો ગાંધીજીનો અણગમો એથી પણ આગળ જાય છે. અનેકવાર તેમને કહેતા સાંભળ્યા છે કે, 'મારી પાસે ગુપ્ત જેવી એકે વસ્તુ નથી. કેટલીક ક્રિયાઓ ખાનગી હોઈ શકે, પણ કોઇ પણ ક્રિયા—મનની કે શરીરની એવી ન હોવી જોઇએ કે જે આપણે બીજાને ન બતાવી શકીએ.' અને એ જ ધોરણે તેઓ અનેકવાર પોતાને લાગતી પોતાની ભુલો, પોતાના મનમાં ચાલતી અનેક ક્રિયાઓ જાહેરથી અજાણી નથી રાખતા. પાસ્કલનાં આચરણો જગજાહેર હતાં; ગાંધીજીના મનની બધી ક્રિયાઓ પણ જગજાહેર છે. એક કવિએ કહેલા

Let any record leap to light
He never shall be shamed.

(એનું કોઇ પણ કામ છતું થાય તોપણ એને કદી એમાં શરમાવાપણું નથી.) એ શબ્દો કોઇને વિષે સાચા હોય તો તે ગાંધીજીને વિષે તો છે જ. તમસમાંથી જ્યોતિમાં જવાનો માર્ગ જ એ છે; અને પોતાના જીવનના અનેક અનુભવો, પોતાની ખામીઓ અને ભુલો કહીને અનેકવાર તેમણે અનેક જણોની પાસે તેમજ મારી પાસે પોતપોતાનાં પાપો કબુલ કરાવ્યાં છે.


અને પાપ જાણ્યા પછી પાપમોચનનો ઉપાય પ્રાયશ્ચિત્ત જેવો બીજો કશો જ નથી એ પણ તેમનું જીવન પદે પદે સાક્ષી પુરે છે. પોતે પ્રખર પ્રાયશ્ચિત્ત કરે છે—પોતાને માટે અને પોતાનાંઓને માટે. જે વૃત્તિથી ચોરીચોરાને માટે તેમણે પાંચ દિવસના ઉપવાસ કરવાનું અને પ્રચંડ સત્યાગ્રહ બંધ કરવાનું પ્રાયશ્ચિત્ત કર્યું, જે વૃત્તિથી અસ્પૃશ્યતાના અઘોર પાપનું પ્રાયશ્ચિત્ત આજે તેઓ હિન્દુઓ પાસે માગી રહ્યા છે, તે જ વૃત્તિથી ખાનગી જીવનમાં પણ તેમણે અનેક પ્રાયશ્ચિત્તો કરેલાં છે ને કરાવેલાં છે. એ પ્રાયશ્ચિત્ત જ અસતમાંથી સતમાં જવાનાં, મૃત્યુમાંથી અમૃતમાં જવાનાં પગથીઆં છે એમ તેઓ વારંવાર જણાવે છે.


ગાંધીજીઃ દસ વર્ષના

"મારા પિતાશ્રીનો મારા ઉપર પારાવાર પ્રેમ હતો; તેમનું ઋણ તો જન્માંતરમાં યે મારાથી ન ભુલી શકાય. પણ હું તેમની ચોથી વારની પત્નીનો પુત્ર હતો, તેમનો ક્રોધ બહુ હતો એ વાત મારા મનમાંથી નીકળતી જ નથી. એ જ્ઞાન મને જે દિવસથી થયું તે જ દિવસે એકપત્નીવ્રત પાળવાનું અને ક્રોધને જીતવાનું મેં પણ લીધું."

મને કુમાર ગણીને તેમણે મારૂં ઘડતર શરૂ કર્યું એમ હું કહી ગયો. મને 'પોતાનો ગણીને' કહ્યું હોત તો તે વધારે ઠીક થાત. પ્રાણીમાત્રને પોતાના

[આગળ પાને ૩૫૯ મે ચાલુ]



ભાદરવો

દયા દાનની દેવી જેવી,
વાદળીએ નભ ઢંકાયો;
લીલી લીલી કંચન સરખી,
વસુધામાં રસ ઉભરાયો:
મેઘ રહે જો ઝરમર ઝર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

મગર સમી મતવાલી ભેંશો,
ધુનામાં હીલોળા કરે;
નદીઓની ભેખડ તોડીને,
માતેલો ધણુખુંટ ફરે:
મનગમતા એ મોલ ચર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

માથોડા પર મોલ ગયા ને,
ઉપર આવ્યાં ધજ ડુંડાં;
ખેડુતને હોકારે ઉડતાં,
વૈયાંનાં ઝુંડેઝુંડાં:
સૃષ્ટિએ શણગાર ધર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

પકવ થયા રસ વનસ્પતિના,
ઘાસ તણી સળીઓ પાકી;
ખુબ ફળી કુમળી કાકડીઓ,
વેલાએ જો ધરતી ઢાંકી:
ભીંડા તો ભારે વકર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

પૂર્વજનાં સ્મરી પુનિત ચરિત્રો,
શ્રાદ્ધ કરે જન શ્રદ્ધાળુ;
ઘી દુધની તો છોળો ઉછળે,
થયાં ક્રૂર પણ કરુણાળુ:
અંતર પિતૃસ્નેહ સ્મર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

લાલ ચટક સીંદુર ઘોળીને,
દુર્વાનાં કૂંપળ લીધાં;
ગૃહદ્વારે મંગળમય મ્રાત,
ગણપતિનાં પૂજન કીધાં:
મોદક મિષ્ટ પ્રસાદ ધર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

તીખા વાદળીઆ તડકા પર,
ઝરમર ઝીણું જળ વરસે;
પર્વતની જો ઉંચી ભેખો,
પલળીને ધીમી ધરસે:
જળપ્રવાહ ઝટ જાય સર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

વિજયમત્ત એ પવન દામિની,
મેઘરાજનાં ભૃત્ય ફરે;
લલિત અપ્સરા સમી વાદળી,
ઇંદ્રચાપ પર નૃત્ય કરે:
વ્યોમ અફાટ અહા વિસ્તર્યો,
રસ ભાદરવે ભરપુર ભર્યો.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ





એલા આણે તો કનઈડચો

ગીર પાસેના એક નાના નેસડામાં કેટલાક ભરવાડો પોતાનાં ઢોર સાથે રહેતા હતા. ગીરનો પ્રદેશ એટલે ડુંગરા, ટેકરા અને જંગલનું તો પુછવું જ શું? ભારે વાંકી જમીન. નેસની આથમણી દિશાએ એવી વિકટ ડુંગરાળ જમીન વિસ્તરતી હતી. ઉગમણી તરફ ગીરની જમીન સપાટ થતી જતી હતી.

પશ્ચિમ ભાગના જંગલમાં વાઘ, વરૂ વગેરે પ્રાણીઓની વસ્તી હતી જ, છતાં ભરવાડો પોતાનો માલ તેનાથી સાચવીને ચરાવતા. કોઈ વખત જુજ નુકસાન પણ થતું; પણ કેટલીક મુદતથી એ તરફ વાઘની રંજાડ વધી પડવાથી જાનવરોનું ખુબ નુકસાન થવા લાગ્યું. એથી ભરવાડોએ એ દિશામાં ઢોર લઇને જવાનું થોડાએક વખતથી બંધ કર્યું હતું.

નેસડામાં ભોજો નામે એક ભરવાડ રહે. ભારે પહેલવાન આદમી. ઉંચો પુરા પાંચ હાથ, અને ડીલની થડી નાખેલી નાની સરખી કોઠી જેવી! મુછોના થોભીઆ જોઇને તો છોકરાં બી જ જાય! તેના કાનમાં પણ વાળના થેરકા જામ્યા હતા. આખે શરીરે રૂંવાડાં આછાં પાતળાં ખરાં; પણ મોટાં મોટાં. જાણે જાંબુવાન જોઈ લો!

પાડાના કાંધ જેવી ગરદન જામેલી; ને તેને ઘસીને ઢાલ જેવી પીઠ પર પથરાતો કાળો કામળો તેના એક ખભા પર આગળ પાછળ લટકતો રહેતો. એ કામળા પર એક હાથે પકડેલું ડુંધું (જાડી ડાંગ) કાયમ ખભા ઉપર તોળાએલું જ રહેતું. એ ડુંધાની ગેડી પણ જાણે મોટા જંગલી બીલાડાનું માથું જ તો! ભોજાનો સુંથણો ને એનું શેલું તો ગમે એટલે છેટેથી પણ વરતાય.

ભોજાની લોંઠકાઇ ને તાકાતની તો વાત જ શી? સીમમાં એ ઢોર ચરાવવા જાય ત્યારે બપોરના વાડીઓના કોસ છુટી ગયા હોય તો કોસનો વરત અને રાશ હાથમાં લઇ કાંડાને આંટી નાખે. પછી કોસને કુવામાં બોળે, અને પાછે પગે ચાલી, ભરેલો કોસ એક હાથે ખેંચી કાઢી ઢોરને પાણી પાય, અને પોતે પણ પીએ! ખાવા બેસે ત્યારે શેડઅટકીઆં* કરતો ખાસ્સા ગાડાના પૈ જેવડા બે ત્રણ રોટલા ચટ કરી જાય!

એક દિવસ ભોજે વિચાર કર્યો કે 'માળાં, આથમણી શીમમાં દીપડાં (વાઘ-વાઘણ) બઉ થીઆં સે; તે હાલ્યની એક દી જોવા તો જાઉં!' આ વિચાર તેણે પોતાના સંગાથી ભરવાડ કરમણને કહ્યો. કરમણ કહે 'ના બાઈ. આપડે નથ આવવું. ઇ તો વકરી ગ્યાં સે, વકરી. હાથે કરીને ન્યા મરવા કોણ જાય?'

ભોજો કહે 'એલા તું તો બીકણ દેખું. કાંઈ નૈ; તારે જોવા નો આવવું હોય તો રીયું, પણ આણીકોરે ઓરો રેજે ને મારાં ઢોર હાસવજે. હું એકલો જાશ; પસેં?'

કરમણ ઇમ હોય તો હાલ્ય આવું. આપડે તો ઢોર હાસવશું, ઓરાપોરા. તું તારે જાજે, જાવું

---

* રોટલાનો કકડો મોંમાં મુકી સાથે ભેંશ કે ગાયના આંચળમાંથી દુધની શેડ બારોબાર મોંમાં લેતી જવી ને ખાતા જવું એનું નામ શેડબગડીઆં.

હોય તો. પણ હું હાસું કઉં સું. ન્યાં લાડવો નથી ખાવો, હો?

ભોજો—હવે ભલેને મારી નાખે; પણ જોઇ તો ખરા જે દીપડાં કેવાંક થીઆં સે!

એકલો હાલ્યો. ભોજો થોડેક છેટે જઇ રસ્તાનો એકાદ વાંક વળ્યો હશે ત્યાં કરમણને વિચાર થયો કે 'હાલ્ય ને, જોઉં તો ખરો, કે ભોજો કેટલેક જાય સે!' એમ વિચાર કરી તે પણ પોતાનું બુંધું ખભે નાખી

માનો સાદ

[એક માતાએ બાળકને જન્મ દીધો. તેના શરીરના ભોગે, તેના રક્તના ટીપેટીપે બાળકનો દેહ બંધાયો, પોષાયો ને વૃદ્ધિ પામ્યો. જોઇજોઇને માનું હૈયું હરખાવા માંડ્યું. માતાએ માગ્યું કે બાળ ઘણું જીવો.

પણ કાળના ઘસારામાં મા શત્રુને પંજે પડી. પડીપડી એ સાદ દે છે. પોતાની મુક્તિ માટે એ બાળકના પ્રાણને પુકાર કરે છે.

કુમાર! જીવ વ્હાલો છે કે માનું હેત? તું જ તે બાળક છે અને ભરતભૂમિ તે માતા છે.]

:ઘોળ:

જાગજો જાગજો રે મારાં નીંદરતાં છોરૂ રે,
નીંદરતાં છોરૂ રે;
માતાની ભીડું ભાંગવા.

આપણે આંગણે રે માંડી જગનની વેદિ રે,
જગનની વેદિ રે;
એ રે વેદિમાં બળિ આપવાં.

હોમ્યાં હોમ્યાં રે મેં તો જવ તલ ઘૃત રે,
જવ તલ ઘૃત રે;
ઉપર હોમ્યાં રે સમિધ સાંપડયાં.

હોમી હોમી રે મેં તો રિદ્ધિ ને સિદ્ધિ રે,
રિદ્ધિ ને સિદ્ધિ રે,
ઉપર હોમ્યાં રે અન્ન માહરાં.

તો ય ન ત્રુઠયો રે પેલો યજ્ઞનો દેવ રે,
યજ્ઞનો દેવ રે;
યજ્ઞ અધુરો આજ આંગણે.

જોઇશે જોઇશે રે કાંઈ વીરોનાં શિર રે,
વીરોનાં શિર રે;
સાથે જોઇશે રે સતીઓ સામટી.

ઉઠજો ઉઠજો રે મારાં ઘેલુડાં બાળ રે,
ઘેલુડાં બાળ રે;
વેળા વીત્યે વસમું લાગશે.

પરથમ પરોડે રે જાગ્યો ગૌડ બંગાળ રે,
વીર બંગાળ રે;
જેણે જાગીને જીવન પ્રેરીઆં.

વળતા જાગ્યા રે ગુરુ ગોવિંદના ચેલા રે,
ગોવિંદના ચેલા રે;
જેણે અકાલીદળ નોતર્યાં.

આજે ઉતરી રે ગુર્જર દેશે આશીષ રે,
દેશે આશીષ રે;
શિરને સાટે એ વધાવજો.

'હિમાલય'

ભોજા અને કરમણે આથમણી દિશાએ ઢોર હાંકયાં. ઝાડી આવી એટલે જંગલને કાંઠે કરમણે ઢોરને ચરતાં કર્યાં અને ભોજો ખભે બુંધું લઇ આગળ પાછળ પાછળ ચાલ્યો. થોડેક આઘે જતાં તેણે એક ટેકરો દીઠો. તેના ઉપરથી છેટે સુધી નજર પડતી હતી. એટલે એ તો ત્યાં જઈ એક ઝાડ ઉપર ચડીને

બેઠો. ભોજો જ્યાં જાય ત્યાં ચોતરફ એની નજર પુગે તેમ હતું.

ભોજાને જતાં જતાં રસ્તામાં આડી નદી આવી. એ નદીમાં ઉતરવા જાય છે તેવો જ એકદમ અટક્યો ! નદીમાં પાણીનો એક ધરો હતો. તેને કાંઠે, નદીની ભેખડને વળતે છાંયે એક મોટો વાઘ સુતો હતો. ભોજે તે જોયો. તે મનમાં બબડ્યો, ' મારૂં હાળું... દીપડું હતું સે ને પણ.... ! ' પળેક વાર સ્થિર રહી તરત તે ધીમે પગલે, અવાજ ન થાય તેમ સાવચેતીથી વાઘ તરફ ચાલ્યો. છેક પાસે જઇ ધુંધું અને ધાબળો હળવેથી હેઠે મુક્યાં. વાઘ શિકાર કરી ધરાઇને સુતેલો, એટલે ભર ઉંઘમાં તેને આ ભરવાડની હીલચાલે કંઈ ડખલ કરી નહિ. ભોજો તો નીડરપણે આગળ વધ્યો, અને એક સપાટે વાઘનું લાંબું પડેલું પુંછડું ઝાલી એવો તો ઉલાળ્યો, કે વાઘ ભફાક કરતો પાણીના ધરામાં જઇ પડ્યો! આમ તો વાઘ ઘણું વિકરાળ પ્રાણી છે; પણ અચાનક ગભરાટમાં ઉંડા પાણીમાં પડયા પછી શું કરે ? ધુંઆપુંઆ થતો તે તરતો તરતો કિનારા તરફ ધસ્યો. ભોજો તેની મહેમાની કરવા ધુંધું તોળીને ઉભો જ હતો. વાઘ કાંઠે પગ મુકી ભોજા ઉપર તરાપ મારે તે પહેલાં તો બળદેવજીના મુશળ જેવું ધુંધું વાઘની ખોપરીને તોડીને લોહીથી છંટાઈ ગયું.

પણ એટલામાં તો ભોજે બીજી બાજુથી ત્રાડ આવતી સાંભળી. જુએ છે તો એક જબ્બર વાઘ દસેક હાથ પરથી પોતાના ઉપર ધસતો આવતો હતો ! વિચાર કરવાનો વખત ન હતો. ધુંધું તૈયાર જ હતું. બસ, સામે ધસીને બે હાથે ઝીંક્યું. પણ વાઘે ચાલાકીથી લોંચી ખાધી, એટલે ઘા તેના પડખામાં આવ્યો. ધુંધું પડતાં જ વાઘ ગોથું તો ખાઇ ગયો, પણ એ અફળાટના આંચકાથી ભોજાના હાથમાંથી ધુંધું છુટી ગયું ! છંછેડાએલો વાઘ ભયાનક બની સામે ધસ્યો. ભોજાને ધુંધું લેવાનો વખત ન રહ્યો, એટલે તેણે પણ સામે ધસીને વાઘને બાથ ભીડાવી પછાડ્યો. વાઘના નખથી ભોજાનું શરીર ચીરાતું જતું હતું; પણ એકસામટું બારે જોર કરી તેણે વાઘને ચત્તો પાડી, તેનું મોઢું બંધ કરવા સારૂ પોતાનું માથું વાઘના નીચલા જડબામાં દબાવી મજબુત ભીંસટ દીધી. વાઘનો ઘુંઘવાટ અને ગભરાટ વધી પડ્યાં. તે ખુબ જોરથી ઉછાળા મારવા લાગ્યો. તેના આ ઉછાળાનો લાભ લઇ ભોજો તેને મક્કમપણે ધીમે ધીમે પાણીના ધરા નજીક ધસડતો જતો હતો. એમ કરતાં ધરો હાથ બે હાથ દૂર રહ્યો એટલે પડખાભેર પડ્યાં પડ્યાં જ ભોજે વાઘના પેટમાં પગ ડેલી એવા તો જોરથી લાત મારીને છોડી દીધો કે તે ભફ લઇને ધરામાં જઇ પડ્યો ! તરત જ ભોજે ઉઠીને ધુંધું હાથ કર્યું, અને ધરાને કાંઠે કાળભૈરવ જેવો ખડો થઈ ગયો. વાઘ ઢબઢબતો કાંઠે આવ્યો કે ઉપરાઉપરી રીસમાં ને રીસમાં બે ધુંધાં એવાં તો ફટકાર્યાં કે વાઘ હરિચરણ !

મરતા વાઘના ઘુઘવાટા સાંભળી પાસેની કોઇ બોડમાંથી વિકરાળ વાઘણ બે મોટાં બચ્ચાં સાથે દોડી આવી. એક તો વાઘણ, ને વળી છંછેડાએલી ! એના છાકોટા ને ત્રાડથી ભોજાના હદામ ખાટા થઇ ગયા ! તે બોલ્યો, 'મારા હાળાની ! તું વળી ક્યાં વાંહે રહી ગઇ'તી ? લે હાલી આવ્ય, તારી જાતની...' એમ કરતોક ને સામો ધસ્યો, અને હતું એટલું જોર અજમાવી ધુંધાનો ઘા નાખ્યો. પણ વાઘણ પગમાં આવી ગઈ, અને ધુંધું પીઠ પર પડ્યું ! પડતાંવેંત કડાક કરતા ધુંધાના બે કટકા ! હવે ભોજાના પેટમાં ફાળ પડી ! પણ એમ કાંઈ હારી ખાય એવો એ નહોતો. પગને બાઝેલી વાઘણને તેણે ગળચી ઝાલીને છોડાવી, અને ધક્કો મારી પછાડી પોતે પણ ઉપર જ પડ્યો. તેના ભારે શરીરનું બધું વજન વાઘણની ગરદન ઉપર જ આવ્યું. એમ ને એમ તેણે વાઘણને દબાવી. તેનું નીચલું જડબું એક હાથે ભીડી દઈ ગરદનને બગલમાં દબાવી, અને પોતે ખુબ ભીંસ દેતો વાઘણથી કાટખુણે લાંબો થઇને પડ્યો ! વાઘણ ભારે ઉછાળા મારવા લાગી. તેને કાબુમાં રાખવા ભોજાનું સઘળું બળ ખપી જવા લાગ્યું. છુટાં રહેલાં બે બચ્ચાં પણ તેને છુટાંછવાયાં ઝાવાં નાખી ચારેકોરથી બટકાં ભરતાં હતાં. પણ એને તો ભોજો ત્રાંસી નજરે લાગ જોઇ એવી પાટુ મારતો કે બચ્ચું ત્રણ ગડથોલાં ખાઇ જતું

પણ હવે તેનું કૌવત ગળી જતું હોય એમ લાગ્યું. તેના શરીરમાં ધીમે ધીમે કંપ છૂટતો જણાયો. છતાં ભારે હિમ્મતથી તે ટકી રહ્યો હતો. ભોજાને કંઈ ખબર નહોતી કે કરમણ આ બધું દૂરને ટેકરે ઝાડ ઉપર બેઠો બેઠો જુએ છે. છતાં તેણે રામને ભરોસે શ્વાસભેર છેવટની રાડ પાડી કે 'એલા એ...કરમણ ધોડજે. આણે તો કનઇડયો'

એ સાંભળી ઝાડ ઉપર બેઠો બેઠો કરમણ બોલ્યો, 'એલા મેં નોતું કીધું કે ન્યાં લાડવો નથી ખાવો ? લેતો જા હવે !'

ભોજો—અરે ભુંડા, ઈ બધી વાત પસે. હમણાં તો ધોડય, નકર આ કુતરી (વાઘણ) મને વીંખી નાખહે.

કરમણ—નારે ભાઇ, હું તો નો આવું. ઇ મને ખાઇ જાય.

ભોજો—એલા બાયલા, તને હું (શું) ખાઈ જાહે ? મેં પકડી રાખી સેને! બીજું તો કાંઇ નૈ, પણ મને તારૂં ખુંધું તો દઈ જા.

કરમણ હેઠે ઉતર્યો અને બીતો બીતો ખુંધું લઇને આવ્યો. છેટે ઉભો રહીને કહે 'ક્યાં મુકું?'

ભોજો બોલ્યો, 'હેઠ ભુંડા! બીસ તે હું (શું)? ઓરો તો આવ્ય. મેં રાંડને પકડી રાખી સે. તું ઇના માથામાં ખુંધું ઠોક્ય. જોજે હો, મને જાળવજે.'

કરમણને હિમ્મત આવી. તેણે પાસે આવીને વાઘણના માથામાં બે ચાર ખુંધાં માર્યાં એટલે તે બેભાન થઈ ગઇ. તરત ભોજે ઉભા થઇને તેને ધરામાં ફેંકી દીધી, અને પેલાં બચકાં ભરતાં હતાં તે બચ્ચાંને એક પછી એક દોડી દોડીને પકડી જડબે ઝાલીને ચીરી નાખ્યાં !

હવે તેનો આવેશ ઉતર્યો અને અંગેઅંગ ઢીલાં થઈ કળવા લાગ્યાં. શરીરમાંથી લોહી પણ ખુબ વહ્યું હતું, એટલે હરેરીને તે હેઠો પડી ગયો. ગાડે નાખી તેને ઘેર પહોંચાડયો.

છએક મહીના સુધી પાટાપીંડી કરાવ્યા, ભગર ભેંશનું શેડકઢું દુધ અંદર તાજા ઘીની ધાર કરી મનમાન્યું પીધું અને પાછો હતો તેવો અડીખમ પહેલવાન બની ગયો.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



અમથાલાલ પ્રમાણિકપણા ઉપર ભાષણ આપતા હતા. પોતાના બચપણનો એક બનાવ ટાંકતાં એ બોલ્યા:

એક દહાડો હું નીશાળેથી ઘેર આવતો હતો. રસ્તામાં કેરીઓની ભરેલી એક લારી જોઇ. તેનો માલિક પાસે નહોતો; અને સુભાગ્યે રસ્તામાં પણ કોઇ નહોતું.

શ્રોતાઓ મોં વકાસી સાંભળી રહ્યા હતા.

અમથાલાલે આગળ ચલાવ્યું, 'કોઇને ન જોઇને હું હળવે રહીને લારી પાસે ગયો ને એક કેરી ઉપાડી લીધી; અને બે ડગલાં ચાલ્યો.'

શ્રોતાઓ હજી સાંભળતા જ હતા.

'પણ અચાનક હું અચકયો. મારા મનમાંથી એક તીવ્ર વિચાર અચાનક પસાર થઈ ગયો. હું પાછો લારી પાસે ગયો. પેલી કેરી તેમાં પાછી મુકી દીધી—'

શ્રોતાઓ તાળીઓ પાડી ઉઠયા.

'—અને' અમથાલાલે આગળ ચલાવ્યું '—અને એક વધારે પાકી જોઇને કેરી ઉપાડી લઇ રસ્તે પડયો !'

*


પરમાણંદ પંચોળી બહુ જ ભુલકણા. એક દહાડો એ બહારગામ જવા નીકળ્યા. ઘેરથી નીકળીને થોડે દૂર ગયા ત્યાં વરસાદ પડવા માંડયો. વરસાદ રહી ગયા પછી થોડી વારે ભીંજાતે લુગડે એ ઘેર આવ્યા.

એમને આવે વેશે જોઇ એમનાં પત્નીએ પુછ્યું, 'કેમ? કયાંથી પાછા આવ્યા?'

'સ્ટેશનેથી.' જવાબ મળ્યો.

પત્ની તો એમનો ભુલકણો સ્વભાવ જાણતાં જ હતાં. એટલે પુછ્યું, 'છત્રી કયારે સાંભરી?'

'વરસાદ રહી ગયો, અને છત્રી બંધ કરવાનો વિચાર કરતો હતો ત્યારે જ સાંભર્યું કે હું છત્રી લાવ્યો જ નથી!'



કાળા માથાનો માનવી શું ન કરે ?

માણસનું શરીર તો નાનું સરખું છે પણ એમાં અલૌકિક શક્તિ ભરી છે. એ શક્તિના બે મુખ્ય ભાગ છે. તે બુદ્ધિ અને લાગણી.

ઇશ્વરે મનુષ્યને વનસ્પતિ, જીવજંતુ અને પશુ-પક્ષીના કરતાં આ બે વસ્તુઓ વધુ અંશે આપી છે. એમને કોઇ વીસરે નહિ, પણ સદુપયોગ કરી ખીલવે એ મનુષ્યનો ધર્મ છે. જો પ્રભુએ બુદ્ધિ અને લાગણી ન દીધી હોત તો જગત એક પળ પણ ન ચાલત. સ્થળે અંધાધુની ફેલાઇ જાત અને આખી દુનીઆ નાબુદ થાત. જો માણસ ઇશ્વરની દીધેલી એ બક્ષીસો વાપરે જ નહિ તો તે જીવી ન શકે. બુદ્ધિ અને લાગણી એ જીંદગીને જાળવવાની અને આગળ ધપાવવાની બે પાંખો છે.

લાગણીને લીધે ઘણી જાતના સ્નેહસંબંધો બંધાય છે, અને બુદ્ધિ-ને લીધે અનેક પ્રકારની અવનવી શોધો થાય છે. સૃષ્ટિનું નિર્માણ થયું તે દહાડાથી એ સંબંધો અને શોધો શરૂ થયાં છે, અને ત્યાર-પછીનાં હજારો વરસોમાં નવી નવી શોધો કરતી કરતી માણસ જાત ઘણી આગળ ગઈ છે.

એક દિવસ એવો હતો કે જ્યારે મનુષ્ય કુદરતની સામે સાધન વિનાનો એકલો અપંગ જેવો ઉભો હતો. એની પાસે માત્ર બુદ્ધિ હતી. પણ એ બુદ્ધિની મદદ લઇને એણે જે જે કર્યું એમાં માણસજાતનો આખો ઇતિહાસ સમાઈ જાય છે.

પ્રથમ તો એણે પોતાની કુદરતી હાજતો પુરી પાડી. ગરમી ઉત્પન્ન કરવા એણે અગ્નિ શોધ્યો; રાંધવાની કળા શોધી, પ્રકાશનાં સાધનો શોધ્યાં. ટાઢતડકા અને વરસાદથી બચવાને જુદી જુદી તરેહની ગોઠવણો તેણે અજમાવી ઘરો બાંધ્યાં. બીજાંઓથી પોતાનું રક્ષણ કરવા પત્થરનાં, લાકડાનાં અને ધાતુનાં હથીઆરો બનાવ્યાં. પછી તો ધાતુ ગાળવાનું, વાળવાનું અને ઘડવાનું પણ સૂઝ્યું.

પણ એ અરસામાં મોટામાં મોટી શોધ તો ખેતીવાડીની ગણી શકાય. માણસે હળ બનાવી જમીન ખેડી અને બીજ વાવ્યું; પાક તૈયાર કર્યો અને સૌને અનાજ આપ્યું. એ પહેલો પ્રસંગ કેવો આનંદજનક હશે ?



આ ચિત્રમાં આ જમાનાની બધી શોધો બતાવી છે, ને માણસની બુદ્ધિએ દુનીઆને કેટલી પલટાવી મુકી છે તે દર્શાવ્યું છે.


એ શોધનો ઉપયોગ અને ઉપભોગ માણસજાત જીવશે ત્યાં લગી કરશે. એવી જ અજબ શોધ વસ્ત્રોની મનાએલી છે. ઝાડની છાલનાં વલ્કલ છોડીને માણસે કપાસના છોડમાંથી રૂ લીધું, રેંટીઆમાંથી તેના તાર કાઢ્યા અને તાણાવાણા બાંધી શાળ વડે વસ્ત્ર વણ્યું. એવું પહેલું વસ્ત્ર પહેરનારના મનમાં કેવો ભાવ અને આનંદ ઉપજ્યો હશે? એ શોધ આપણે કદી ભુલવાના જ નહિ.

નીશાનીઓ અને સંકેત વાપરવા મુકી જ્યારે માણસોએ પદાર્થોનાં નામ પાડી ભાષા બનાવી હશે અને સઘળાં તેનો ઉપયોગ કરતાં થયાં હશે ત્યારે મનુષ્યના વિકાસમાં એક પગલું આગળ ભરાયું. જે જીભ આજલગી બોબડી તોતડી રહી હશે તે ધીમે ધીમે સરસ્વતી માતાનું આસન થયું; અને જ્યારે એ બોલાતી ભાષાના અક્ષરો અને શબ્દો, વાક્યો અને અર્થો ગોઠવી લખવાની ભાષા તૈયાર થઈ હશે ત્યારે? ત્યારે તો પથ્થરની શીલાઓમાં અને તાડપત્રોમાં દુનીઆના ઇતિહાસ વંશપરંપરા સંઘરી મુકવાનું અને વહેતો રાખવાનું સાધન મળ્યું. યુગયુગ પહેલાનું એ જ્ઞાન હજુ આપણને એ ભાષા મારફત મળી શકે છે. આટલો તો સૃષ્ટિની શરૂઆતનો જુનો ઇતિહાસ.

પણ માણસજાતની બુદ્ધિ ક્યારે થાકીને બેઠી છે કે ફક્ત હથીઆરો અથવા હાથસાધનોથી સંતોષ લે?

પહેલાં તો માણસે પદાર્થોના ગુણ જાણ્યા. જુદા જુદા પદાર્થોને ભેગા કરી બનેલા મિશ્રણનો અભ્યાસ કર્યો. અમુક પ્રમાણમાં અમુક પદાર્થો ભેળવવાથી અમુક પરિણામ આવે અને તેને મનુષ્યના જીવનમાં ઉપયોગી કરાય તેની ખાતરી એણે કરી. તથા સંસારના વ્યવહારમાં એ શોધથી કેવી અને કેટલી સરળતા થાય એ પણ જોયું. હાલ બજારમાંથી વેચાતો મળતો બધો માલ આવા વિચારનું ફળ છે.

વળી એવું કાંઈ નથી કે કોઈ માણસ પોતે એકલો જ એક આખી શોધ કરી શકે. ઘણી યે વાર એવું બન્યું છે કે એક માણસ મહેનત કરી કરીને અમુક વિચાર ગોઠવે અને મરી જાય. બીજો માણસ એ વિચારને ઉપાડી લઈ આગળ ચાલે. એના મરણ પછી કોઈ ત્રીજો વળી એ વિચારની ગોઠવણ પ્રમાણે જેવુંતેવું યંત્ર બનાવે. એ ન ચાલે, વળી એ કાંઈક ફેરફાર કરે. યંત્ર થોડુંક ચાલે ને બંધ પડે. પેલો માણસ નિરાશ બને. કોઈ ચોથો માણસ એ યંત્રને નવું રૂપ આપી સુધારે. આથી કામ વધુ સહેલું અને સસ્તું થાય. આવી રીતે ધીમે ધીમે શોધ આગળ ને આગળ વધતી



એકલી ઓગણીસમી સદીમાં જ માણસની બુદ્ધિએ જે પણ મહાન શોધો કરી છે તે અહીં બતાવી છે. પહેલાં તાકીદના સમાચાર ઘોડેસવાર એપીઆ લઇ જતા, તે અત્યારે તારથી મોકલી શકાય છે. હાથે સીવવાની નકામી સીવવાના સંચાએ ટાળી દીધી છે; અને છુટ લખવા વાંચવાના આ જમાનામાં હાથે લખી લખીને આંગળાં કંટાળી જાત, તે મહેનત ટાઇપરાઇટરે બચાવી દઇ ઝડપથી અને આંખમાં વંચાય એવું લખાણ લખવાની સરળતા કરી મૂકી છે.

ચાલે. આવી શોધો ઉપયોગી, સારી અને સોંઘી રહે તથા એ ઘરઘરના કામમાં આવે એટલી જથ્થાબંધ નીકળે એ તે દરેકનો મુળ હેતુ હોય છે.

દાખલા તરીકે, ક્યાં આપણો ઘરમાં બાળવાનો ધુમાડીઓ ને ઝાંખો ઘાસતેલનો પતરાંનો ડબો, અને ક્યાં 'હરિકેન' ફાનસ ? એ ફાનસની વાટમાં ને મોઢીઆમાં, ગોઠવણમાં ને રક્ષણમાં કેટલો ફેર પડયો છે ? એ ફાનસની બનાવટમાં ઘણી બુદ્ધિ, આવડત અને કળાનો ઝીણવટથી ઉપયોગ થયો છે. પણ આપણે એ જુના પુરાણા ડબામાં કશો ફેરફાર કરી ન શકયા અને પરિણામે દેશના લાખો રૂપીઆ પર મુલકમાં ચાલ્યા જાય છે.




પહેલાં માણસને આગબોટો અને આગગાડીઓ પર માલ ચઢાવવા ઉતારવામાં કેટલી બધી અંગમહેનત પડતી? માણસની બુદ્ધિએ શોધી કાઢેલી યાંત્રિક કપ્પીઓએ એ બધી મહેનત અત્યારે બચાવી દીધી છે, અને તે વડે ગમે તેટલા ભારે બોજા ઘણી જ સહેલાઈથી ચડાવી ઉતારી શકાય છે.


આપણે આગળ ચાલીએ. સને ૧૬૦૯ માં પહેલવહેલું દૂરબીન ગૅલીલીઓએ શોધ્યું. લોલકવાળું ઘડીઆળ સને ૧૬૫૭માં બન્યું. ઇ. સ. ૧૬૬૦માં હ્યુવન હુક નામના શખ્શે સૂક્ષ્મદર્શક યંત્ર ગોઠવ્યું અને ઇ. સ. ૧૭૬૯માં સ્કૅાટલંડના મિ. વૅાટે વરાળનું અંજીન બહાર પાડ્યું.

સને ૧૭૬૩ થી ૧૭૬૯ સુધીમાં મિ. હારગ્રીવ્ઝ આર્કરાઇટ તથા ક્રૅામ્પ્ટને રૂ કાંતવાનો સંચો શોધી કાઢી દુનીઆ આગળ મુકયો તે પહેલાં આખી દુનીઆ રેંટીએ સુતર કાંતતી ને તેનાં કપડાં વણીને પહેરતી. સને ૧૭૯૨માં મિ. મરડૅાકે ગ્યાસની બત્તીનો પ્રયોગ


ઇ. સ. ૧૨૦૦ ની આસપાસ યુરપમાં ધ્રુવકાંટો (મૅગ્નેટિક કોમ્પાસ) શોધાયો. તે જ સમયમાં બંદુક ફોડવાનો દારૂ અને આશરે ઇ. સ. ૧૪૫૦ માં છાપવાની કળા હાથ લાગી. પણ તે પહેલાં આ ત્રણે શોધો ચીનમાં તો કયારની યે શોધાઇ ગઇ હતી.



ડાગુરેએ પહેલવહેલો શોધી કાઢેલો કૅમેરા. પહેલાં આ વડે ત્રાંબાની પ્લેટો ઉપર છબીઓ લેવામાં આવતી.




આ લાગે છે તો નાનકડા હારમોનીઅમ જેવું રમકડું, પણ ખરૂં જોતાં એ ટાઇપરાઇટર છે. ઈ. સ. ૧૮૬૮માં પહેલવહેલું ટાઇપરાઇટર શોધાયું તે આવું હતું. એ વખતે તો તે વડે હાથના લખાણ કરતાં પણ ઓછી ઝડપે છાપી શકાતું; ને અક્ષરો પણ વાંકાચુંકા આવતા. હાલનાં ટાઇપરાઇટર તો એનાથી કયાં જુદાં અને ચડીઆતાં છે. પણ આજના ટાઇપરાઇટરનો દાદો આ.




ઉપલું ચિત્ર સ્ટીવન્સને પહેલવહેલા શોધી કાઢેલા 'હવાઈ' નામના રેલ્વે એંજીનનું છે, અને નીચલું હાલના એંજીનનું છે. એ બેને સરખાવી જોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે માણસની બુદ્ધિ શોધખોળ વડે કેટલા સુધારા અને સરળતા કરી શકે છે.

અમલમાં મેલ્યો. સને ૧૭૮૫માં કાર્ટરાઈટ નામના માણુસે કપડાં વણુવાની યાંત્રિક શાળ (પાવરલૂમ) શોધી. ઇ. સ. ૧૮૦૭માં ફુલ્ટને આગબોટની શોધ કરી તે 'કલાઇડ' નદીમાં ચલાવી અને ઇ. સ. ૧૮૭૪માં મિ. સ્ટીવન્સને પહેલું રેલવેનું એંજીન દોડાવ્યું. સને ૧૮૩૯માં મિ. ડાગુરાએ ફોટોગ્રાફી શોધી તેની મદદ વડે આબેહુબ છબી પાડવાનું કામ શરૂ કર્યું. સને ૧૮૩૧માં ઇલેક્ટ્રિક મોટર અને ડાઇનેમો શોધાયાં. ઇ. સ. ૧૮૪૯માં મિ. મોર્સે તારનું યંત્ર કાઢ્યું. સને ૧૮૪૬માં મિ હૉવેએ સીવવાના સંચા શોધી સ્ત્રી-ઓની અને દરજીઓની તકલીફ બચાવી દીધી. સને ૧૮૭૬માં મિ. બેલે ટેલિફોન શોધ્યો, અને સને ૧૮૮૪માં મિ. મરજેનથેલર નામના ગૃહસ્થે ટાઇપરાઇટરની પેઠે સંચા પર આંગળીઓ દબાવી બીબાં ગોઠવવાની 'લીનોટાઇપ પ્રિન્ટિંગ'ની રીત છાપખાનામાં મુકી.

બીજા શોધકોએ વળી કોઈ નવી જ દિશામાં કામ કરવા માંડ્યું. મોટરકાર, સબમરીન, એરોપ્લેન વગેરે શોધાયાં. દરેક કારીગીરીમાં વિજ્ઞાનનો સારી રીતે સહકાર અને ઉપયોગ થવા માંડ્યો. વીજળીનો દાદો એડિસન વીજળીને કાબુમાં લઇ તેનો ગમે તેમ ઉપયોગ કરવા લાગ્યો. વીજળિક અને વરાળ બળને ગમે તે ઉપયોગમાં લઇ શકાય એવાં એંજીનો બહાર પડ્યાં. લાકડાનાં વહાણોમાંથી લોખંડની આગબોટો થઈ. દીવાસળી, રૂ પીલવાનાં જીન, ગોળ કરવતીઓ, ઘડીઆળો, ચશ્મા, લાકડાના મેંદામાંથી કાગળની બનાવટ, રંગો, ગ્રામોફોન, સીનેમા, ટાંકણીથી માંડીને



દુનીઆમાં પહેલવહેલી આગબોટ 'ધૂમકેતુ' નામની શોધાઇ અને તે કલાઇડ નદીમાં તરાવવામાં આવી તેનું ઉપલું ચિત્ર છે; અને ત્યાર પછી તેમાં સુધારાવધારા કરી કરીને કાળા માથાના માનવીએ જે જંગી આગબોટો ઉપજાવી તે વડે હવે અત્યારે મોટા મહાસાગરો પાર કરે છે; તેવી એક આગબોટ નીચલા ચિત્રમાં બતાવી છે.



ક્યાં ઉપર બતાવેલી જુની ઘોડાગાડી, અને ક્યાં હાલની મોટર? એ ફેરફાર કરનાર પણ માણસની જ બુદ્ધિ ને?


દરેક મોટી ચીજ બનાવવાનાં અનેક યંત્રો, એવી એવી અનેક શોધો બહાર પડી. અને હજી પણ કોઈકમાં સુધારો તો કંઇક નવું એવું બહાર પડ્યે જ જાય છે. તાર વિનાના વાયરલેસ સંદેશા શોધાયા અને એમાંથી હવે વળી સર્વસામાન્ય થઈ પડેલો રેડીઓનો પ્રયોગ તો અત્યારે અમેરિકામાં ઘેરઘેર ચાલુ થયો છે. આ સૌને તળીએ જુઓ તો વિજ્ઞાન અને બુદ્ધિની રમત છે; સમાજના જ્ઞાનનો વિકાસ છે.

એક વાત અહીં યાદ રાખવા જેવી છે, કે જ્યારે જ્યારે કોઇ નવી શોધ થઈ છે ત્યારે ત્યારે જુનું છોડીને નવું લેતાં લોકોએ નામરજી બતાવી છે.


સને ૧૭૯૨માં જ્યારે મિ. મરડોકે પોતાના ઘરમાં અને દીવાનખાનામાં કોલગૅસની બત્તી સળગાવી ત્યારે લોકોએ વિરોધ લીધો. તેઓએ માન્યું કે એ બત્તી પ્રકાશિત હોવા છતાં તેના ધુમાડાથી ઘરો સળગી ઉઠશે અને ગૅસનું યંત્ર હલકું હશે તો બલુન માફક ઉડી જશે! મિ. હ્યૂવેનો સીવવાનો સંચો પહેલાં સાઉથ કેન્સિંગ્ટનના પ્રદર્શનમાં રજુ થયો હતો. ત્યાં તે લાંબા વખત સુધી નકામો પડી રહ્યો. આથી શોધનાર નિરાશ થઈ શોધનો પોતાનો હક વેચી નાખવા તૈયાર થયો. પણ પાછળથી એ ઘણું ધન રળ્યો.

ઇંગ્લંડમાં કાંતવા-વણવાનાં યંત્રો થયાં ત્યારે વણકર-વર્ગે પોતાનો ધંધો પડી ભાંગશે એ બીકે, સંચાઓનો નાશ કરવા યત્નો કર્યા હતા. એવો અનુભવ અહીં અમદાવાદમાં પણ પહેલવહેલી મીલ નાંખનાર રા. બ. રણછોડભાઇ છોટાલાલ (સ્વ. સર ચીનુભાઈના દાદા) ને થયો હતો. એમને હજુ લોકો રણછોડભાઇ રેંટીઆ-વાળાના નામથી ઓળખે છે.


કેટલીક શોધોનો ઇતિહાસ તો વળી બહુ વિચિત્ર છે. શોધ કરનારને ગાળો અને તિરસ્કાર સીવાય કાંઈ મળતું નહોતું. કેટલાક બીચારાને તો ઘર કે કારખાનું



ઈ. સ. ૧૯૦૩ માં પહેલું યાંત્રિક વિમાન ઉડાડવામાં આવ્યું તેના (ઉપલા ચિત્ર) માં અને નીચે બતાવેલા હાલના એરોપ્લેનમાં કેટલો બધો ફેર છે?



છાપવાની કળા પ્રથમ શોધાઈ ત્યારે ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે માણસ હાથેથી એકેક પાનું છાપી શકતા. અત્યારે, નીચલા ચિત્રમાં બતાવેલા મશિન વડે માણસ એકીસાથે મોટાં મોટાં સંખ્યાબંધ પાનાં અદ્‌ભુત ઝડપથી અને ઘણી જ સહેલાઇથી છાપી શકે છે. એ કામ પણ કાળા માથાના માનવીનું જ.



દર સેકન્ડે ૨૭૦,૦૦૦ ઘનફુટ પાણીનો ધોધ પડે એ કેટલો જબ્બર હશે ! એ ધોધની શકિતનો લાભ લઇ માણસે તેમાંથી વીજળિક બળ પુરૂં પાડનાર ડાઇનેમા ગોઠવ્યા છે, તેનું ઉપલું ચિત્ર છે. તે દુનીઆમાં મોટામાં મોટું પાવરસ્ટેશન ગણાય છે. પહેલો જે ડાઇનેમો શોધાયો તેનું નાનું ચિત્ર મથાળે ડાબે ખુણે આપેલું છે.

બધું પોતાના ઝુંપડામાં જ. કોઇ તો ગરીબાઇમાં જ ગુંગળાઈ મર્યા છે. હવે તો દેશેદેશમાં શોધકની કદર થાય છે અને તેમને માન ને ધન બન્ને મળે છે.

હજુ પણ નવાઈ પમાડે તેવી શોધો તો દરરોજ થતી જ જાય છે. રેડીઓ વડે તમે જલસાઓના રંગ અને ગાયનોની લિજ્જત લઈ શકો છો; ભાષણો તમારા ઘરમાં જ સાંભળી શકો છો; તમારો ફોટો ઘેર બેઠાં દૂર દેશાવર મોકલી શકો છો. સીનેમામાં ફક્ત મુંગાં ચિત્રો જુઓ છો તેને બદલે બોલતી છબીઓ જોઈ શકશો. સાઇકલોને કદાચ તમે હવામાં ચાલતી જોશો. આ બધું જોઇએ છીએ, સાંભળીએ છીએ ત્યારે એમ થાય છે કે કાળા માથાનો માનવી શું નહિ કરે ?





કિરીટ

લેખક
શ્રી ધનગોપાલ
ચિત્રકાર: રવિશંકર પંડિત



કપિ ત્યારનો હજી ઝાડ પર જ બેઠો હતો. મને જોઇને તેણે પોતાના હાથમાંની એક નાનીસરખી પૈસાની થેલી આમતેમ હલાવવા માંડી. એ જોઇને મારા પેટમાં ફાળ પડી!

અજાણ્યા શહેરમાં કોઇની પૈસાની થેલી આપણો વાંદરો ચોરી લાવે એ કેટલું નામોશીભર્યું કહેવાય ? અને જો કોઇને ખબર ન હોય કે વાંદરો જ ઉપાડી ગયો છે, તો એ ચોરીનું આળ કોઇ બીચારા નિર્દોષને માટે આવી ચડે ને નકામો તે માર્યો જાય.

આખરે પણ વાંદરાની જાત ખરીને ? બધાં વાંદરાં એવાં જ અટકચાળાં ને ઉઠાઉગીર હોય છે. એકવાર, હું નાનો હતો ત્યારે, મારી બે વરસની નાની બહેનને અમે ઓસરીમાં એક ટોપલીમાં સુવાડી રાખેલી. થોડી વારમાં તેનો રડવાનો અવાજ સંભળાયો. જઇને જોઇએ તો ટોપલી ન મળે ! રડવાનો અવાજ એક ઝાડ પરથી આવતો હતો. ત્યાં જોયું તો એક મોટું માકડું હાથમાં ટોપલી પકડી છેક ઉંચે બેઠું હતું, ને તેમાં પડી પડી મારી બહેન ચીસો પાડતી હતી. તેને પકડવા ઝાડે ચડીએ તો એ તો ત્યાંથી નાસી બીજે ઝાડે કુદી જાય; ને એ કુદાકુદમાં ક્યાંક બાળક ટોપલીમાંથી ઉછળી પડે તો એનાં તો સો યે વરસ પુરાં ! હવે શું થાય ?

પણ મારા બાપાએ યુક્તિ શોધી કાઢી. ઘરમાં જેટલાં ફળફળાદિ હતાં તે બધાં ઓસરીમાં પાથરી દીધાં, ને બીજાં લાવવા માટે સાથીને બજારમાં મોકલ્યો. વાંદરાએ થોડાં ફળ જોઇને ઝાડપર બેઠાં બેઠાં જ માથું ધુણાવ્યું, કે એટલી લાંચ બસ નથી ! એટલામાં બીજાં ફળ પણ આવી લાગ્યાં અને તે બધાં અમે ઓસરીમાં પાથરી દીધાં. હવે ભાઇસાહેબ ઝાડપરથી ઉતર્યા. પણ અજબ જેવું તો એ હતું કે ઉતરવામાં એણે એટલી સંભાળ રાખી કે ટોપલી સહેજ પણ વાંકી ન વળે, કે બાળકને જરા પણ ઇજા ન પહોંચે. આવીને તેણે ટોપલી હળવે રહીને ઉંબરા આગળ મુકી દીધી ને પોતે કેળાં ને સીતાફળના ઢગલા પર હાથ મારવા માંડ્યો. મારી બહેન ટોપલીમાં સલામત હતી. અમે ટોપલી ઘરમાં લઈ લીધી ને બારણું બંધ કરી બારીના જાળીઆમાંથી જોવા લાગ્યા.

પેલો માકડો તો ખાતો જાય ને કંઇક વિચિત્ર અવાજ કાઢી પોતાના સાથીઓને બોલાવતો જાય. થોડીક પળમાં તો અમારા છાપરા ને આસપાસનાં ઝાડો ઉપર હુકાહુક ને કુદાકુદ થઈ રહી અને અમારી

ઓસરીમાં વાંદરાંઓની મહે-
ફિલ જામી.



માકડું હાથમાં ટોપલી પકડીને
ઝાડપર છેક ઉંચે બેઠું હતું.

કપિના હાથમાં નાણાંની થેલી જોઈ વર્ષો પહેલાંનો ઉપલો બનાવ મને યાદ આવ્યો, અને મેં વણઝારનાં બધાં માણસોને જઇને ખબર કરી કે કોઇની પૈસાની કોથળી ખોવાતી હોય તો તપાસી લે. અને સાચે જ, એક માણસ પોતાના નોકર પર પોતાની થેલીની ચોરીનું આળ ચડાવી તેની જોડે ઝગડી રહ્યા હતો. મેં તેને થોડાં કેળાં વેચાતાં લાવી ઝાડ નીચે મુકવાનું કહ્યું, અને સમજાવ્યું કે થોડીવાર એક પડખે લપાઇ રાહ જોશો એટલે વાંદરો કેળાં લેવા નીચે ઉતરી તમારી થેલી મુકી જશે.

એક તો કિરીટના નાસવાથી હું ઝંખવાણો પડ્યો હતો, તેમાં આ નામોશીને લીધે મને વધુ દુઃખ થયું ને હું પાછો કિરીટને લઇ શહેરમાં ગયો.

અમે ચોતરફ જોતા મુંગા મુંગા ચાલ્યા જતા હતા, એવામાં કોણ જાણે ક્યાંથી કુતરાંનું એક મોટું ટોળું આવી ચડ્યું ને કિરીટને ઘેરી વળી ભસવા લાગ્યું. પણ એ તો બેદરકારીથી દૃઢ બની ચાલ્યો જતો હતો. થોડી વારમાં તો કુતરાંનાં ટોળાં પર ટોળાં આવવા લાગ્યાં અને અમે એટલા ઘેરાઇ વળ્યા કે આગળ ડગ દેવું પણ મુશ્કેલ થઇ પડ્યું. ભસવાનો શોર એટલો મચી રહ્યો કે કાનપડ્યું સંભળાય નહિ. કોઇકોઇએ તો કિરીટને પગે ઝાવાં નાખવાની પણ હિમ્મત કરવા માંડી. હવે હું મુંઝાયો. કુતરાંને હાંકવા લાકડી તો શું, પણ પથ્થર સરખો પણ મળે નહિ. હું તો હજી મુંઝવણમાં વિચાર કરતો હતો, એવામાં કિરીટે એક કુતરાને સુંઢથી પકડી લીધું ને હવામાં ઉંચે ઉછાળ્યું. તે એને ભોંયે પછાડવાની તૈયારીમાં હતો એવામાં મેં કિરીટને કહ્યું, 'અરે, અરે, ભાઇ; આ શું? નાહક બીચારાને શા માટે મારી નાખે છે? એ કંઇ તને કરડવાનું નથી. મુકી દે નીચે એને.'

આ જ પળે કુતરાએ પણ એક કારમી ચીસ પાડી. કિરીટે તેને હળવે રહીને જમીન પર મુકી દીધું, પણ કુતરૂં તો બિચારૂં સુંઢની ભીંસણથી જ રામશરણ પામી ગયું હતું. આ જોઇ સૌ કુતરાં પલાયન કરી ગયાં.



અમારી ઓસરીમાં વાંદરાંઓની મહેફિલ જામી.

ઉપરાઉપરી આમ માઠા બનાવો બનવાથી હું તદ્દન બેચેન થઈ ગયો, ને કિરીટને લઇ વળી પાછો શહેર બહાર આવવા નીકળ્યો. કિરીટ સીધો ગંગાઘાટ તરફ વળ્યો અને શોકભરેલે હૈયે ધીમે ધીમે પગથી-આં ઉતરી નદીમાં જઈ પડ્યો. હું કાંઠે ઉભો ઉભો જોતો હતો. પોતે કંઇક ન કરવાનું પાપ આજ કર્યું છે એવું કિરીટને લાગી આવ્યું હતું, એટલે પતિતપાવની ગંગામાં સ્નાન કરી તે સ્વસ્થ થવા યત્ન કરતો હતો. પછી તો હું પણ નાહ્યો.


હું કપિને લઈ, તરીને નદી બહાર નીકળી ગયો.

બપોર ઢળવા આવ્યા હતા એટલે હું ને કિરીટ મુકામે પાછા આવ્યા. વણઝાર ચાલી ગઇ હતી, અને કપિ મારી રાહ જોતો ઝાડ પર બેઠો હતો. ઝાડ નીચે પડેલી કેળાંની છાલો પરથી હું સમજી શક્યો કે તેણે ચેલી પાછી સોંપી દીધી હશે. મને ને કિરીટને ભુખ કકડીને લાગી હતી અને શહેરથી અમે તદ્દન કંટાળી ગયા હતા, એટલે મેં જલદી ઉપડવાનો ઠરાવ કર્યો, ને કપિને હાંક મારી. એક ક્ષણમાં તે કુદી આવી મારે ખભે બેઠો, ને અમે શહેરને છેલ્લી સલામ કરી. મારી ખાતરી થઈ ગઇ હતી કે પ્રાણીઓને શહેરમાં લઇ જવાં એ ઉપાધિ રૂપ જ છે. જંગલમાં ઉછરેલાંને શહેર કદિ ફાવવાનું નહિ.

પાછા ઘેર પહોંચતાં અમને ઘણા દિવસ લાગ્યા. અરધોએક પંથ કાપ્યા પછી એક દહાડો અમે એક નદીને કાંઠે આવી પહોંચ્યા. તેને સામે તીરે ઘાડું જંગલ આવેલું હતું. કિરીટ તાપ અને થાકથી એટલો હેરાન થઇ ગયો હતો કે નદીકિનારાની ભીનાશવાળી મીઠી વાસ આવતાંવેંત તે ગાંડાની પેઠે દોડી પાણીમાં જઇ પડ્યો. હું ને કપિ તેની પીઠ પર જ બેસી રહ્યા. પણ કિરીટ તો પાણી દેખીને જાણે ગાંડો બની ગયો હતો. તેણે તો નદીમાં આમતેમ ઘુમવા માંડ્યું. કપિ મને બાઝી પડ્યો હતો, કારણકે વાંદરાંઓને તરતાં નથી આવડતું હોતું. કિરીટને આમ રમતે ચડેલો જોઇ હું કપિને લઇ તરીને નદી બહાર નીકળી ગયો.

પોતાની પીઠ પરનો ભાર હલકો થવાથી કિરીટ વધારે આનંદથી નદીમાં ઘુમવા માંડ્યો, અને સુંઢ વડે પાણી ખેંચી ખેંચી, કાંઠા પર બેઠેલા કપિ સામે છાંટવા લાગ્યો. કપિએ આથી ચીડાઇને, પોતે ન ભીંજાય એટલે છેટે કાંઠા પર રહી, તેની સામે દાંતીઆં કરતાં આમતેમ કુદાકુદ કરી મુકી. વાંદરાં પાણીથી બહુ બીએ છે. એક તો એમને તરતાં નથી આવડતું હોતું તેથી; અને બીજું એ કે ઝાડની એક ડાળીએથી બીજી ડાળી પર કુદાકુદ કરવાની એમને ટેવ પડી ગએલી, તે પ્રમાણે તેઓ પાણીમાં પણ એક મોજા પરથી બીજા મોજા પર કુદવા જાય એટલે પરબારા તળીએ !

હાથી અને વાંદરાને રમતાં મુકી હું થાકને લીધે નદીકાંઠે એક ઝાડ નીચે સુતો અને તરત ઉંઘી ગયો. થોડીવારે વાંદરાની ચીચીઆરી અને હાથીની ચીસો સાંભળી હું ઝબકીને જાગી ઉઠ્યો. જમીન પર બેઠો બેઠો કપિ થરથર કંપતો હતો, અને તેની સામે ઉભો ઉભો કિરીટ પોતાની સુંઢ હવામાં ઉછાળીને, પોતાનામાં હતું તેટલું જોર કાઢી ચીસો પાડતો હતો.

કોણીભર ઉભા થઇ મેં નજર કરી તો હાથીના આગલા પગ વચ્ચે એક મોટો સાપ દબાએલો મેં જોયો. મારૂં તો એ જોઇને લોહી જ ઠરી ગયું ! જો કે કિરીટ પાંચ વર્ષનો થયો હતો એટલે તેની ચામડી એટલી જાડી બની ગઇ હતી કે તેમાં સાપની દાઢ ફુટ થાય એમ તો નહોતું, કપિ તો બીકથી શીંગડા જેવો જ બની ગયો હતો. નહોતો તે બેઠો હતો ત્યાંથી નાસી જઈ શકતો, નહોતો આગળ જઈ શકતો કે નહોતો મારી પાસે આવી શકતો. હું હળવેથી ઉઠી, કિરીટને આંટો ફરી, લપાતો લપાતો કપિની પાછળ

જઇ બેઠો. તે એટલો બધો બીનો હતો કે તેને જો અડીએ તો આપણને જ ચોંટી પડે; કારણકે એને તો એમ જ લાગે કે એને સાપે ફટકાવ્યો !

શું બન્યું હતું તે હવે મને સમજાયું. કિરીટનો એક પગ બરોબર સાપના વચગાળાના ભાગ પર આવેલો હતો. તેની કરોડ ભાગી જવાથી તે હાલી ચાલી શકે એમ તો નહોતું; પણ તેનો આગલો ભાગ સાબુત હતો, તે પર ઉભો થઈ હથેળી જેવડી ફેણ માંડી કિરીટના બીજા પગ પર તે ઝાવાં નાખતો હતો. પણ તેનાથી બહુ વાર ઉભું ન રહેવાતું, એટલે વળી પાછો જમીન પર પડી જતો. આ લાગ જોઇ કિરીટ પોતાનો બીજો પગ તેના પર મુકવા જતો, પણ એટલામાં તો નાગ પાછો ફેણ માંડી ઉભો થઇ ઝાવું નાખતો.

સાપની કરોડ ભાંગી ગઇ હતી, અને કિરીટનો એક પગ તેના ઉપર હતો એટલે તે હાલીચાલી શકે એમ તો નહોતું. તેથી મેં પાસે જઇ લાકડી વડે તેને ઠાર કરવાનો નિશ્ચય કર્યો. જેવો હું લાકડી લઈ આગળ વધ્યો તેવી જ સાપ પર ઠરી રહેલી વાંદરાની નજર મારા પર પડી, અને ચીચીઆરી પાડતો એ ત્યાંથી નાસી પાસેના ઝાડ પર ચડી ગયો.

જે પળે વાંદરો કુદ્યો તે જ પળે સાપે હાથીના પગના નખ પર દંશ દીધો. જોકે તેને કશી ઇજા નહોતી થઇ, પણ મને બીક પેઠી કે હવે કદાચ કિરીટ લાંબા વખત સુધી આ ભારે શરીરે પોતાના ત્રણ પગ પર નહિ ટકી શકે. અને જો તે ભોંય પડયો તો સાપને તેની સુંઢ પર દંશ દેવાનો લાગ મળશે. હાથીના આખા શરીરમાં તેની સુંઢનો છેડો એ સુંવાળામાં સુંવાળો અને કોમળ ભાગ છે. ત્યાં જો દંશ લાગે તો અચુક ઝેર ચડે. એટલે ઝડપથી મેં સાપ પર લાકડીનો ઘા કર્યો. પણ તેની ફેણ પરથી તે છટકી ગયો. તરત મેં બીજો ઘા કરવા લાકડી ઉગામી. તે ચુકાવવા સાપ પડખાભર પડી ગયો. અચાનક તે જ પળે કિરીટે પોતાનો બીજો પગ તેના માથા પર મુકી દીધો.

સાપ ચગદાઇ મુઓ હતો. કિરીટ ત્યાંથી દૂર જઇ નદીની રેતમાં પોતાના પગ ઘસીઘસીને સાફ કરવા લાગ્યો. મેં તેના પગમાં જોયું તો સાપનો દંશ ફુટ થયો નહોતો. એ જાણીને મારો જીવ હેઠે બેઠો, ને મેં કપિને ઝાડપરથી બોલાવવા સાદ કર્યો. પણ પોતાના બીકણપણાથી તે એટલો શરમાયો હતો કે હેઠો જ ઉતર્યો નહિ.

સૂર્ય આથમતો જતો હતો. નદીને સામે કાંઠે જ ઘાડું જંગલ હતું. મને લાગ્યું કે નદી પર થઇને વહેતી પવનની લહરી જોડે માણસની ગંધ જંગલનાં વિકરાળ પ્રાણીઓને પહોંચી જશે. ઝપાટાબંધ સાંજ પડી ગઇ. નદીનાં મોજાં પર રમતાં સૂર્યનાં સોનેરી કિરણો ઉડી ઉડીને પશ્ચિમ દિશામાં જતાં રહ્યાં, અને અંધકારની જંગી કાળી તરવારે આખી દિવસને કાપી નાખી રાતથી છુટો પાડી દીધો.

હું હાથીની પીઠ પર ચડી ગયો. ઝાડની ટોચ પરથી આવતા પંખીના કલરવ શમી ગયા હતા, અને તમરાંના અવાજથી સાંજની શાન્તિ વધારે ભયંકર બનતી જતી હતી. એવામાં નદીને સામે કાંઠેથી વાઘની ભયાનક ત્રાડ સંભળાઇ. બીજી જ પળે સામા કાંઠા

પર ઘાસમાં ફરતું તેનું ચટાપટાવાળું શરીર મને દેખાયું. તેણે જોયું કે હું નદીને સામે કાંઠે હતો. વાઘના શરીર પરના પટા જે વાંકના હોય છે તેવી જ જાતના વળાંકા તે ઘાસમાં પાડતો વાંકોચૂંકો ચાલે છે. ઉંચા ઘાસમાં ગમે તે પ્રાણી ચાલ્યું હતું હોય, તોપણ તેની ચાલથી ઘાસમાં જે વાંકાચૂંકા વળાંકા પડે તે ઉપરથી જંગલના અનુભવી અને ભોમીઆ લોકો કહી શકે છે કે એ કયું પ્રાણી ચાલ્યું જાય છે.

તે પ્રદેશ આખામાં જ્યાં જ્યાં વાઘની ત્રાડ સંભળાઇ ત્યાં સઘળે એક સન્નાટો છવાઇ ગયો. નાનાં પ્રાણીઓ જ્યાં હતાં ત્યાં ને ત્યાં જ બીકથી લપાઇ ગયાં અને વાઘ કયે રસ્તે જાય છે તે જોવા લાગ્યાં. ઝાડપાન ને ઘાસ પણ જાણે સ્તબ્ધ બની ગયાં હોય એવું લાગ્યું.

ધીમે ધીમે રાત પડતી ચાલી. મેં કિરીટને એક ઝાડ જોડે બાંધવાનો પ્રયત્ન કર્યો, પણ આજ તેને બંધાવું નહોતું. તેણે તો નદીકિનારા પર આમથી તેમ, જરા પણ અવાજ કર્યા વિના ટેહ્યા કર્યું. એકાએક તે ટેલતો અટકી ગયો અને કાન માંડી કંઇક ધ્યાનથી સાંભળતો હોય તેમ થંભી રહ્યો. હું પણ, તે શું કરે છે એ જોતો આતુરતાથી બેસી રહ્યો. એવામાં એકદમ નદીનું પાણી ઝાંખા પીળા રૂપેરી રંગથી રંગાઇ ગયું અને જંગલ આખાને પાંદડે પાંદડે જાણે શાન્તિ ધબકી રહી હોય એવો સુનકાર વ્યાપી રહ્યો. અચાનક પીળાશ પડતા ચન્દ્રનું બીહામણું લાગતું બિમ્બ જાણે જંગલ પર કુદી આવ્યું. એ જોઇને કિરીટે જોરથી ચીંકોટા નાખ્યા અને તે બેચાર ડગલાં પાછળ હઠી ગયો.

હું પણ આશ્ચર્યથી દિગ્મૂઢ બની જોઇ રહ્યો; કારણકે આજનો ચન્દ્ર મને તદ્દન જુદો લાગ્યો. માણુસજાતને આવું ચન્દ્રદર્શન ભાગ્યે જ થાય છે. એ ચન્દ્ર જંગલનાં પ્રાણીઓને ઉનાળાનો સંદેશો આપતો હતો; એ ચન્દ્રના દર્શનથી હાથીઓને મદ ચડતો; એ ચન્દ્રનો સંદેશો સાંભળી હાથીઓ શીકારે નીકળતા, યુદ્ધે ચડતા અને પોતાને માટે હાથણીઓ પસંદ કરવા અંદર અંદર દ્વંદ્વયુદ્ધ ખેલતા.

ઓચીંતો કિરીટ નદીના પાણીમાં કુદી પડ્યો. મેં તેને ઘણો યે વાર્યો, સમજાવ્યો પટાવ્યો, પણ એ તો એની ધુનમાં હતો. સામે કાંઠે પહોંચવા સારૂ તે ગાંડો બનીને નદી ઓળંગી રહ્યો હતો. ઘણી વાર તો તે આખો યે પાણીમાં ડૂબી જતો. હું પણ ભીંજાઇ ગયો. નદી પાર કરી તે સામે તીરે પહોંચ્યો અને જંગલના ઘાડા અંધકારમાં અમે મળી ગયા. અહીં ઝાડી એટલી ગીચ હતી કે જાણે ચન્દ્ર ઉગ્યો જ નથી એમ અમને લાગ્યું.

* * *

કેટલા કલાક વીત્યા હશે એ હું નથી કહી શકતો. મને લાગે છે કે હું ઉંઘી ગયો હતો. પણ કદાચ મેં આ બધું જાગતાં જાગતાં પણ જોયું હોય. વખતે કાગાનીંદરમાં હશે. શું હશે તે હજી હું ચોક્કસ નથી કહી શકતો. પણ અચાનક કિરીટનો ચહેરો બદલાઇ ગયો. તેણે પોતાની આંખો મારા તરફ ફેરવીને બોલવા માંડ્યું:

"ભાઈ, આજે અમારા જંગલના ઉત્સવની રાત છે. હું ચાર મહીનાનો હતો અને મારી મા જોડે જંગલમાં રહેતો, તે દહાડે મારી માએ મને સંભળાવેલી એક વાત હું આજે તને કહેવા માગું છું. માણસોએ અમને પકડી લીધાં તે પહેલાંના થોડા જ દહાડા

ચોમાસાની વીજળી
પડે ત્યારે

કોઇ પણ ઉંચા ઘટાદાર ઝાડ તળે ઉભા રહેતા નહિ.

દરીઆકિનારા પર કે ખુલ્લા ખેતરમાં હો તો ઉભા ન રહેતાં જમીન પર સુઈ જજો.

ઉંચા મિનારા કે મકાનો પાસે ઉભા રહેતા નહિ.

લાકડાના થાંભલાવાળા કે માથે પતરાં જડેલા મકાન તળે આશરો લેતા નહિ.

તમારૂં ઘર શહેરની વચ્ચોવચ બીજાં ઘરો જોડે આવેલું હોય તો તેને વિશે કશી ચિંતા કરતા નહિ; તે સલામત છે.

તમારૂં ઘર ક્યાંય એકલું છુટું બાંધેલું હોય તો તેના પર વીજળી વહી લઇ જનારો સળીઓ નખાવવાનું ભુલતા નહિ.

ઉપરની આ વાત છે. મારો જન્મ હિમાલયની તળેટી-નાં જંગલોમાં થયો હતો. બરફથી ઢંકાએલાં એ ગિરિ-રાજનાં શિખરો અમે હમેશાં જોતા. એક દહાડો મેં મારી માને પુછ્યું કે 'મા, વાઘનું મોં આટલું બધું ગંધાતું કેમ હશે? જ્યાં જ્યાં વાઘ જાય છે ત્યાં ત્યાં એની ભુંડી નઠારી વાસ આવ્યા જ કરે છે એ શું?'

મારી માએ જવાબ દીધો કે 'જંગલમાં રહેતાં પ્રાણીઓના ખોરાક બે જાતના હોય છે. કેટલાંક ઘાસપાન, કંદમુળ ને ફળફુલ ખાઇને જીવે છે; ને કેટલાંક, બીજાં પ્રાણીઓને મારી તેના માંસ પર નભે છે. પરમેશ્વરે વિચાર્યું કે જે બીજાં પ્રાણીઓને મારી ખાનાર છે તેનાથી બીજાંઓને ચેતાવવાં તો જોઇએ જ. તેથી તેણે એવાં માંસાહારી પ્રાણીઓમાં એવી દુર્ગંધ મુકી, કે જેથી તે દૂરથી આવતું હોય ત્યાંથી જ તેની વાસ પ્રાણીઓને આવે, અને સૌ પોતપોતાના બચાવની તૈયારી કરી લે.'"

મેં એ કાગાનીંદરમાં જ કિરીટને પુછ્યું, 'જંગલમાં તમે કેવી રીતે રહેતાં હતાં?'

તેણે જવાબ આપ્યો, "અમારૂં જંગલનું જીવન બધું આનંદમય જ હતું. તેમાં પણ અમને ઘણીવાર જહેમત પડતી; પરંતુ એ જહેમતમાં પણ આનંદ હતો. ઝાડનાં પાંદડાં ચીમળાવા ને પીળાં પડવા માંડતાં, એટલે અમે હિમાલયની તળેટી છોડી દક્ષિણ તરફ જવા ઉપડતાં. નદીઓ ને જંગલો ઓળંગતાં અમે દક્ષિણ તરફ મુસાફરી કર્યે જ રાખતાં. રસ્તામાં કોઇકોઇ-વાર અમે માણસોનાં રહેઠાણ આગળથી પણ પસાર થતાં. એકવાર અમે દરીઆકાંઠે જ્યાં નદી સમુદ્રને મળતી હતી તે પ્રદેશના એક જંગલમાં આવી પહોંચ્યાં. ત્યાં નદીના કાંઠા પર મગરો પોતાનાં મોં ખુલ્લાં કરી પડી હતી, અને પક્ષીઓ તેમનાં મોંમાં જઇ તેમના દાંત પરનાં જીવડાં ખાઇ જઈ તેમનાં મોં સાફ કરતાં હતાં. આ જોઇને મને મનમાં થયું કે 'અરેરે, ભગવાને અમારા દાંત સાફ કરનારાં પંખી પણ કેમ નહિ સરજાવ્યાં હોય?' પાણીનાં પ્રાણીઓમાં પણ જે બીજાંને મારી ખાનારાં હોય છે તેમને પરમેશ્વરનો પેલો કાયદો લાગુ પડે છે. તે બધાનાં મોં ગંધાય છે.

અમે મુસાફરી કરતા ત્યારે સૌથી આગળ મોટા નર હાથીઓ ચાલતા. તેમની પાછળ અમે નાના નાના હાથીઓ; અમારી પાછળ નાનાં બચ્ચાંવાળી માદા હાથણીઓ; અને સૌની પાછળ જુવાન માદાઓ અને નર હાથી ચાલતા. રાત્રે અમે સુતા ત્યારે મોટા હાથી એક મોટા ગોળ કુંડાળામાં ગોઠવાઇ જતા; તેમની વચ્ચે જુવાન નર હાથીઓ કુંડાળું કરતા, અને તેમની વચ્ચે જુવાન માદાઓનું કુંડાળું થતું. પછી એ ત્રેવડા કુંડાળાની વચ્ચે, ચોતરફ હાથી અને ઉપર આકાશના તારાઓના રક્ષણમાં, અમે નાનાં બચ્ચાંઓ સુતાં. ઘણી યે વાર ઉંઘમાં, હું અમારા મરી ગએલા વડવા-ઓને પોતાના વીજળીના જેવા દાંતના ચમકારા કરી આકાશમાં ચન્દ્રની સાથે લડાઇ કરતા જોતો."

મેં સ્વપ્નમાં પુછ્યું, "ગેંડો તમારો કંઇ સંબંધી થાય ખરો?"

"ગેંડો?" કિરીટે જવાબ આપ્યો, "હા ગેંડો એ પણ એક જાતનો હાથી જ છે. પણ તેને વિષે અમારામાં એક કથા છે. પરમેશ્વર એકવાર એક બહુ સુંદર હાથી ઘડતા હતા. તેમણે એના નાના નાના પગ, જાડી ચામડી વગેરે બધું તૈયાર કર્યું, એવામાં તેમને ઉંઘ આવી. દરમ્યાન સેતાને આવીને એ સુંદર હાથીનું મોં કદરૂપું ઘડી દીધું, અને તેને સુંઢ ચોંટાડવાને બદલે માથા પર શીંગડું ચોંટાડી દીધું! એટલે એમાંથી હાથીને બદલે ગેંડો પેદા થયો. ગેંડાને સેતાને ઘડ્યો છે તેથી જ તો એ આવો ક્રૂર, સ્વચ્છંદી ને વિકરાળ બન્યો છે. તે જ્યાં જાય છે ત્યાં સત્યાનાશ જ વાળી મુકે છે. ઝાડોને ઉખેડી મુકે છે, ભેખડો તોડી પાડે છે અને જે કંઈ પોતાની હડફેટે આવે તેના ચુરેચુરા કાઢી નાખે છે. વાઘ પણ તેનાથી ડર પામે છે, કારણકે તેની જાડી ચામડીમાં વાઘના નહોરની પણ કંઇ કારી ફાવતી નથી. જો, સાંભળ આ કડાકા. ગેંડો જ આવતો જણાય છે."

એટલામાં તો અમારી નજીકનું એક મોટું ઝાડ ભારે કડાકા સાથે નીચે પડ્યું અને ગેંડાનો છીંકારો સંભળાયો.


[આવતા અંકમાં ચાલુ]

રાષ્ટ્રધ્વજ

જેમ શરીર અને નાક, તેમ રાષ્ટ્ર અને ધ્વજ. એક શીખ વીરને મોગલ બાદશાહે કેદ કરીને કહ્યું કે તારા માથાના વાળ મને કાપી આપ. બહાદુર શીખે જવાબમાં પોતાનું માથું કાપી આપ્યું.

દરેક રાષ્ટ્ર પોતાના સ્વભાવ પ્રમાણે, પોતાના આદર્શ પ્રમાણે પોતાનું નીશાન નક્કી કરે છે! છેક પૂર્વ તરફ વસનાર જાપાને પોતાની રાષ્ટ્રીય ધજા પર પ્રભાતનો સુરજ ચીતર્યો છે. પ્રભાતરવિ યૌવનનો અને પરાક્રમનો દ્યોતક છે. જાપાન એશીઆનું અગ્રેસર થવા માગે છે એ ભાવ પણ એ બાલસવિતાના ચિત્રમાં આવી જાય છે.

વિજયી રોમન લોકોએ પોતાની ધજા ઉપર ગરુડ બેસાડયો હતો. ગરુડ પક્ષીઓનો રાજા છે. તે આકાશમાં ઉડતાં થાકતો નથી. રોમન લોકો સામ્રાજ્યવાદી હતા. તેથી જ તેમણે ગરુડ પસંદ કર્યો હતો. અંગ્રેજ લોકોએ ઈંગ્લંડ, સ્કૉટલંડ અને આયર્લંડ—ત્રણેની એકતા સુચવનાર 'યુનીઅન જૅક' તૈયાર કર્યો છે, અને તેના ઉપર સિંહ બેસાડયો છે. સિંહ પશુનો રાજા થઇ આખા વનને ડરાવે તેમ તે પણ ડરાવે.



દરેક દેશ પોતાનું પ્રબલ આવી રીતે પ્રગટ કરે છે. પણ કોઇને એમ નથી સુઝતું કે પશુપક્ષીના આદર્શ દૃષ્ટિ આગળ રાખવામાં માણસની કંઇ પ્રતિષ્ઠા નથી. આપણે ઇશ્વરનાં બાળક એમ મોઢેથી કહેનારા, અને સિંહ કે ગરુડનું અનુકરણ કરીશું એવી ટેક બતાવનારા બાપડાઓના ધ્યાનમાં નથી આવતું કે આમાં કેટલો વિરોધ રહેલો છે.

આપણી ધજા ઉપર રેંટીઓ છે. રેંટીઓ શું સુચવે છે? પ્રથમ તો મનુષ્યની બુદ્ધિ, શક્તિ, કળા. રૂમાંથી સુતર પેદા કરવું અને તેનાં કપડાં બનાવી પોતાની લાજ ઢાંકવી એ સભ્યતાનું પહેલું અને મોટામાં મોટું પગલું છે. રેંટીઓ ઘેરઘેર ચાલતા ઉદ્યોગનું નીશાન છે. રેંટીઓ કહે છે કે હું જ્યાં હોઉં ત્યાં કોઇને મરવા નહિ દઉં, અને મારવા પણ નહિ દઉં. રેંટીઓ કહે છે કે તવંગર ને ગરીબ બન્નેના હાથમાં હું છું. જ્યાં મારૂં ધર્મચક્ર ચાલે છે ત્યાં જોહુકમી અને ભુખમરો બન્નેનો નાશ છે. રેંટીઓ સુચવે છે કે રાષ્ટ્ર એકલા લડવૈયાઓનું—એકલા પુરુષોનું નથી; સ્ત્રી અને પુરુષ બન્નેનું છે.

આપણી ધજાનો રંગ કેવો હોય? મને લાગે છે કે શુદ્ધ ધોળો હોવો જોઇએ. દુનીઆના રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના નિયમ પ્રમાણે ધોળો રંગ શાન્તિસુચક છે. ધોળો રંગ જ્યાં જ્યાં ફરકે ત્યાં લડાઇ એકદમ બંધ થાય છે. ધોળો રંગ પવિત્રતા અને ખાનદાની પણ બતાવે છે. પણ હિન્દુસ્તાનમાં આજે શાન્તિ ક્યાં છે? બધી કોમો હજી ક્યાં એક થઈ છે? હિન્દુ અને મુસલમાન હજી

ક્યાં એક થયા છે ? એટલા માટે જ ધોળા રંગ નીચે મુસલમાનોનો લીલો અને હિન્દુઓનો લાલ હીંગળોક જેવો રંગ આપણે રાખ્યો છે.

આ રીતે આપણી ધજા રાષ્ટ્રીયતાનું સંપૂર્ણ ચિહ્ન છે. એમ તો ધજા એક ખાદીનો કકડો જ હોય છે; પણ આપણી ભાવનાથી આપણે તેને રાષ્ટ્રીય સ્વમાનનું લક્ષણ બનાવીએ છીએ. એ ધજા ઉભી રહે એટલા માટે લાખો અને કરોડો હિન્દી ભાઇઓ જ્યારે મરી ફીટવા તૈયાર હોય ત્યારે જ એ ધજામાં ચૈતન્ય આવ્યું કહેવાય.

એક રીતે જોતાં જે દેશ સ્વતંત્ર હોય તેને જ ધજા હોઇ શકે. પરતંત્રતાનું કલંક જે પ્રજાને માથે ચોંટેલું છે તે પ્રજાને માથે પોતાની ધજા હોય નહિ જેનું માન આપણે સાચવી ન શકીએ તેવી ધજા હાથમાં ધરવાની પણ આપણી લાયકાત નથી. પણ આજે આપણે સ્વરાજ લેવા તૈયાર થયા છીએ; સ્વરાજ આપણા હૃદયમાં ઉગ્યું છે; તેથી જ આપણે આપણી રાષ્ટ્રીય ધજા હાથમાં લઇને ફરીએ છીએ. આપણી ધજા ફરકાવીને આપણે બધા ભાઇઓને કહીએ છીએ કે અમે હિન્દુ-મુસલમાન તથા બીજા એક થઇશું અને રેંટીઓ ફેરવીશું તો સ્વરાજ આ ધજાની પેઠે આપણા હાથમાં જ છે.

દરેક દેશમાં દરેક જાહેર પ્રસંગે ઉત્સાહી લોકો પોતાના દેશની ધજા હાથમાં લઈને ફરે છે. જાહેર મકાનો ઉપર પણ તે દિવસે ધજા ઉડાડવામાં આવે છે. ધજાનું દર્શન કરતાંવેંત દેશભક્તો તેની આગળ શિર ઝુકાવે છે.

આપણા દેશમાં પણ જુવાનો સરઘસ કાઢે એમાં નવાઈ શી? પણ સરકાર તે કેમ સહન કરે? સરકારને થયું જ કે આ તો સ્વરાજ જામવા લાગ્યું. એને તો વખતસર દાબી દેવું જોઇએ. એમ વિચારી સરકારે નાગપુરમાં ખુબ પ્રયત્ન કર્યો. આપણા કેટલાક ભાઇઓ એમ માનતા કે એક ઝુંડાની બાબતમાં તે કોણ લડવા બેસે? તેમાં લાભ હાનિ કશી નથી. પણ બધા જ કંઈ એ વિચારના ન હતા. તેમણે વિચાર કર્યો કે આની પાછળ લાભ હાનિ કરતાં યે વધારે મહત્ત્વનો—રાષ્ટ્રની આબરૂનો સવાલ છે. તેથી જ જમનાલાલજી જેવા દેશભક્તો, વિનોબા જેવા પ્રતિભાશાળી અધ્યાપકો અને દરેક પ્રાન્તના ઉગતા જુવાનો ધજા પાછળ ખુવાર થવા તૈયાર થયા. આપણી શક્તિ જોઈ સરકારે પડતું મુક્યું અને ધજાનું માન સચવાયું.

આ તો નાનકડી જ લડત થઈ. આથી યે મોટી લડત હજી લડવાની આવવાની છે. તે વખતે આપણી સાચી પરીક્ષા થશે. હિન્દુ-મુસલમાન વગેરે બધી કોમ એક થાય, અને દેશમાં ઘેરઘેર રેંટીઆ ફરતા થઈ જાય ત્યારે જ દેશની ધજા માનભેર ફરકતી ગણાય.

પુરુષોત્તમ નારણદાસ ગાંધી



શિક્ષક—પર્વતની વ્યાખ્યા બોલ.

મગન—જમીનનો ઢગલો ઉંચો થઇને આકાશમાં ગયો હોય તે.

*

ગામડીઓ—સા'બ, એક ક્યાટ ને એક કવર આપો.

ટપાલમાસ્તર—શું કરીશ ?

ગામડીઓ—ક્યાટ લખીને કવરમાં નાખીશ.

*

'ધીરુ, મેં આપેલા બન્ને કાગળો ટપાલમાં નાખ્યા કે ?'

'હા, પણ તમે ટીકીટો ખોટી ચોડેલી. આફ્રિકાના કાગળ પર એક આનાની ને મુંબાઇના કાગળ પર બે આનાની.'

'અરે, એ તો ભારે થઇ !'

'ના, ના. એનો તો મેં ઉપાય કર્યો છે. બન્નેનાં સરનામાં બદલી નાખ્યાં; બસ ને ?'

*

ન્યાયાધીશ—(વકીલોને) હવે દલીલો છોડી દો. તમે સૌ કહેવા તો એમ માગો છો ને, કે બે ને બે મળી ચાર ન થાય ?

બૅરિસ્ટર—જી ના ન થાય. એ સાવ સહેલું છે. બે ને બે મળીને બાવીસ પણ થાય.



નાદિરશાહે ૧૭૩૮ના મે માસની ૫મીએ દિલ્હી ાડયું. દિલ્હીમાં તે સત્તાવન દિવસ રહ્યો. જ્યારે તે ગયો ત્યારે હિન્દના શહેનશાહને નીચોવી નીચોવીને નીચે પ્રમાણે જર-જવાહીર સાથે લેતો ગયો:

- ૩૦ કરોડનાં સોનારૂપાનાં સુંદર વાસણો અને રોકડ;
- ૨૫ કરોડનાં રત્ન, જવાહીર વગેરે;
- ૯ કરોડનાં મયૂરાસન અને બીજાં નવ સિંહાસનો; તથા રત્નજડિત હથીઆરો ને રત્નમંડિત સુવર્ણની થાળીઓ;
- ૨ કરોડની ભારે કારીગીરીવાળી વસ્તુઓ;
- ૪ કરોડની બંદુકો તથા રાચરચીલું વગેરે;

આ ઉપરાંત ૩૦૦ હાથી, ૧૦,૦૦૦ ઘોડા અને ૧૦,૦૦૦ ઉંટ પણ સાથે લેતો ગયો.

*

ઇ. સ. ૧૭૫૭ની ૨૩મી જુનની સાંજે પાંચ વાગે પ્લાસીનું યુદ્ધ ખતમ થયું. સિરાજ-ઉદ્-દૌલા નાસી ગયો અને મીરજાફર ગાદીએ બેઠો. તેણે ગાદી-નશીન થતાં નીચે પ્રમાણે પૈસા વેર્યા:

- ૧ કરોડ રૂપીઆ લડાઇના ખર્ચ પેટે આપ્યા;
- ૮૦ લાખ જે કેદીઓ મરાએલા તેમના કુટુંબના ભરણપોષણ માટે;
- ૨૫ લાખ સરકારી લશ્કર માટે;
- ૨૫ લાખ સરકારના નૌકાસૈન્ય માટે;
- ૨ લાખ ૮૦ હજાર કલાઇવે પોતે કાઉન્સિલના મેમ્બર તરીકે પડાવ્યા;
- ૨ લાખ 'કમાન્ડર-ઇન-ચીફ'ના હોદ્દાની રૂઇએ, કલાઇવે લીધા;
- ૧૬ લાખ કલાઇવે ખાનગી રીતે લીધા.

આ પ્રમાણે અઢી કરોડ ને એંશી હજાર રૂપીઆ આપી મીરજાફર નવાબ થયો! પોતાના પાણી વિના ખરીદ કરેલી આ નવાબી ત્રણ જ વર્ષ પછી પડી ભાગી. ઇ. સ. ૧૭૬૦માં મીરજાફરને પદભ્રષ્ટ કર્યો ત્યારે મીરકાસમે ગાદીએ આવવા માટે પાછાં નીચે પ્રમાણે અંગ્રેજ અધિકારીઓનાં મોં મીઠાં કરાવ્યાં:

- ૫૦ લાખ લડાઇના ખર્ચ પેટે આપ્યા;
- ૨ લાખ ૪૦ હજાર વાન્સીટાર્ટ સાહેબ માટે;
- ૨ લાખ ૧૬ હજાર હોલવેલ સાહેબ માટે;

૨ લાખ ૧ લાખ ૬૦ હજાર ૧ લાખ ૪ હજાર	બીજા ત્રણ અધિ-કારીઓ માટે.

આ પ્રમાણે ઓગણસાઠ લાખ ને વીસહજાર રૂપીઆ મીરકાસમે ગાદીનશીન થવા માટે આપ્યા!

*

જ્યારે હિન્દમાં પરદેશી વસ્તુઓ ઉભરાતી ન હતી, ત્યારે તેની દોલતનો હીસાબ કરોડો ને અબજોમાં થતો હતો. મ્હૈસુરનો વાઘ ટીપુ સુલતાન પડયો ત્યારે તેના ખજાનામાં અઢળક દોલત હતી. પણ તે ઉપરાંત નીચે પ્રમાણે તેનું પશુધન હતું:

૭૦૦૦ હાથી; ૬૦૦૦ ઉંટ; ૧૧૦૦૦ ઘોડા; ૪૦૦,૦૦૦ બળદ; ૧૦૦,૦૦૦ ભેંશો; ૬૦૦,૦૦૦ ઘેટાં. કુલ ૧૧૨૪૦૦૦ પશુ.



કુમાર: ભાદરવો ૧૯૮૦
ચિત્રકાર: શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર
ઈન્ડીઆન પ્રેસ, પ્રયાગ તરફથી
પ્રગટ થએલા ચિત્ર ઉપરથી

શાહજહાંનું મૃત્યુ

તેની નજર પોતાની વહાલી બેગમ મુમતાજ મહાલની આરામગાહ તાજ-મહાલ પર સ્થિર થઈ હતી......પિતૃભક્ત જહાનઆરા છેવટની ઘડી સુધી પિતાની મૃત્યુશય્યા આગળ તહેનાતમાં હતી. —જુઓ પાનું ૩૫૩



ફોટો : કાનેટકર, અમદાવાદ

જ્યારે ઇ. સ. ૧૯૧૯માં, આખા બ્રિટિશ હિન્દમાં થઇને કુલ પશુધન માત્ર ૧૯ કરોડ પશુઓનું હતું.

*

દિલ્હીની મોગલ સલ્તનતમાં અનેક સુંદર રાજકુમારીઓ થઇ ગઈ છે. પણ તે સૌમાં જહાનઆરાનું નામ તેની પિતૃભક્તિ માટે અત્યંત પ્રસિદ્ધ છે. ઈ. સ. ૧૬૫૮માં શાહજહાનની માંદગીની વાત સાંભળી તેના ચારે શાહજાદાઓ અરસપરસ લડાઇ કરવા નીકળ્યા. તેમાં મુરાદ અને ઔરંગઝેબ વિજય મેળવી આગ્રામાં આવ્યા. તે વખતે જહાનઆરાએ, મુરાદ અને ઔરંગઝેબના તંબુમાં જઇ, તેમને બળવો ન કરવા સમજાવ્યા હતા. તેમણે જ્યારે સંધિ કરવાની ચોખ્ખી ના પાડી, ત્યારે જહાનઆરાએ બન્નેને ધમકાવી કાઢ્યા, અને પોતે વૃદ્ધ પિતાની સેવામાં રહેવા, મરજીઆત જેલ સ્વીકારી લીધી! જેલમાં તેણે કમનસીબ દારાની પુત્રીઓની સંભાળ લેવામાં, અને વૃદ્ધ પિતાની તહેનાતમાં દિવસ અને રાત ગાળ્યાં. જઇફ શહેનશાહે, જહાનઆરાની જ સલાહથી, છેવટનાં વર્ષોમાં ઔરંગઝેબને તેનાં ક્રૂર કામોની માફી બક્ષી હતી. બરાબર સાત વર્ષ સુધી, સુખ કે દુઃખ ગણ્યા વિના, આ પવિત્ર સ્ત્રીએ પુત્રીધર્મ બજાવ્યા કર્યો. શાહજહાનના મૃત્યુ પછી ઔરંગઝેબને જહાનઆરાની પવિત્ર જીંદગીની અસર લાગી. તે જહાનઆરાને વારંવાર મળવા જતો. અને જનાનખાનાનો તમામ કારભાર તેના હાથમાં મુકવાની દરખાસ્ત કરતો. જહાનઆરાએ પણ છેવટે તેને ખુશી કરવા જનાનખાનાનો કારભાર હાથમાં લીધો હતો. દારાની તથા મુરાદની શાહજાદીઓ, અને બીજી પણ અનાથ રાજકુમારીઓનું સાન્ત્વન અને પોષણ એ સાધ્વી જહાનઆરાને હાથે જ થયું હતું. બેગમ સાહેબ, બાદશાહ બેગમ, અને સાહીબત-ઉઝ્-ઝમાની (Mistress of the age—સમયમૂર્તિ) એવાં એવાં પ્રતિષ્ઠાભર્યાં નામોથી તે ઓળખાતી. ઔરંગઝેબને જે વાત કહેવાની કોઇની હિમ્મત ન ચાલે, તે જહાનઆરા તડાક ને ફડાક કહી દેતી. સત્તાવીસ વર્ષ સુધી ઔરંગઝેબનો ઘરખટલો ચલાવ્યા પછી તે ઇ. સ. ૧૬૮૧માં મૃત્યુ પામી. તેની કબર પર લખેલા નીચેના અંતિમ શબ્દો તેના કોમળ હૃદયની અને વિનયની સાક્ષી પુરે છેઃ

'મારી કબર પર નીલા હરીઆળા ઘાસ સિવાય બીજું કાંઈ રાખતા નહિ. દીન મનુષ્યને માટે એ જ યોગ્ય કફન છે. મરણાધીન અને ગરીબ જહાનઆરા અહીં સુતેલી છે. તેનો પિતા શાહજહાન હતો અને ગુરુ ચિશ્તી હતો !'

શાહજહાનના વખતમાં, મુમતાજમહાલના મૃત્યુ પછી એકહથ્થુ કારભાર કરનાર, અને ઔરંગઝેબ જેવા શહેનશાહના વખતમાં પણ એકચક્રી સત્તા ધરાવનાર બાદશાહી બેગમની કબર પર બસ આટલી જ કોમળ પ્રાર્થના છે. કેટલી સત્તા અને કેટલો વિનય!

*

જહાંગીર પછીના બધા મોગલ શહેનશાહોના છેલ્લા દિવસો આંખમાંથી આંસુ પડાવે તેવા છે. ઇ. સ. ૧૬૫૮ના જુનની આઠમી તારીખે શાહજહાને પોતાની સત્તા ગુમાવી અને આગ્રાના કિલ્લામાં કેદ થયો. શાહજહાનને ઔરંગઝેબના આ દુષ્ટ કૃત્ય માટે અત્યંત ગુસ્સો ચડયો હતો, અને કેદમાંથી પણ ઘણી

વખત, તે દારા અને શુજાને પ્રોત્સાહન આવવા છાના કાગળ લખી મોકલતો. છેવટે ઔરંગઝેબનો જાપ્તો એટલો સખ્ત થયો કે તેની રજા વિના એક ચિઠ્ઠી પણ બહાર જઇ શકે નહિ. ઔરંગઝેબ અને શાહજહાન વચ્ચે પત્રવ્યવહારમાં તો લડાઈ ચાલુ જ હતી, અને વૃદ્ધ શહેનશાહે ઔરંગઝેબને શાપ પણ આપ્યો હતો, કે તારો શાહજાદો પણ તારી સામે એ પ્રમાણે જ થશે. આ ઉપરથી ઔરંગઝેબને પોતાના શાહજાદાની એટલી બધી ધાસ્તી પેઠેલી કે એક વખત તો તેણે પોતાના વડા શાહજાદા શાહઆલમને શંકા ઉપરથી કેદમાં પણ પુરેલો. તેને છુટો કરવામાં આવ્યો

યાદ છે ને ?

ગયા અંકમાં અમે જાહેર કરેલી

ફોટોગ્રાફીની હરીફાઈ

માટે સૌથી સરસ ફોટોચિત્ર મોકલનારને પાંચ રૂપીઆનું ઈનામ મળવાનું છે તે? વિદ્યાર્થી ફોટોગ્રાફરોમાં તેને માટે ઉત્સાહ આવ્યો જણાય છે, અને અમને સુંદર ફોટોગ્રાફો મળવા લાગ્યા છે. તમે પણ ભુલી ગયા હો તો સંભારીને વાકોદે મોકલી આપજો; અને તમારા મિત્રો ને ઓળખીતાઓને પણ ખબર આપજો. ગમે તે વિદ્યાર્થી ફોટોગ્રાફરને આ હરીફાઈમાં ભાગ લેવાની છુટ છે. ઘણે ભાગે તો 'દીવાળીના અંક'માં જ તમે એ હરીફાઈના નમુના જોવા પામશો.

ત્યારે ખડીઓ કલમ જનાનામાં લઇ જવાની તેને છુટ ન હતી; અને જ્યારે જ્યારે શાહજાદો લખે ત્યારે ત્યારે ઔરંગઝેબની એક જાસુસ સ્ત્રી હમેશાં હાજર રહેતી!

*

દારાએ નાસી જતી વખતે આગ્રાના કિલ્લામાં ૨૭ લાખ રૂપીઆનું જરજવાહિર રાખ્યું હતું. આ જવાહિરમાં ચાર લાખ રૂપીઆની કિમ્મતની સો પારાની એક સુંદર મોતીની માળા હતી. એ માળાનાં બધાં મોતી એક જ રંગનાં, એક જ ઢબનાં અને સરખા વજનનાં હતાં. એ જવાહિર માટે ઔરંગઝેબે શાહજહાન પાસે માગણી કરી. શાહજહાને જવાહિર તો બધું આપી દીધું, પણ પેલી માળા આપવાની ના પાડી. ઔરંગઝેબે માળા પડાવવા ફાંફાં તો બહુ જ માર્યાં પણ પછી છેવટે શાહજહાને દૃઢતાથી સંભળાવી દીધું કે એ માળા હું બંદગી કરવા માટે જ વાપરૂં છું અને ઔરંગઝેબે તેની આશા છોડી દેવી. નહિતર, એક પણ મોતી સાજું હાથમાં નહિ આવે.

*

ધીમે ધીમે પિતાપુત્ર વચ્ચેનો સંબંધ વધારે ને વધારે ઘસાતો ગયો. પણ જહાનઆરાના પ્રયત્નથી અંતે બન્ને વચ્ચે સમાધાન થયું ને છેવટનાં વર્ષોમાં તો શાહજહાને ઔરંગઝેબને માફી પણ બક્ષી. પછી શાહજહાન પણ, ઇશ્વરની ઇચ્છાને આધીન થઇ, પોતાનું જીવન ધર્મકાર્યમાં ગાળવા લાગ્યો. એક સ્વતંત્રતા સિવાય બીજી જે જોઈએ તે સગવડ શાહજહાનને મળી રહી; અને ઔરંગઝેબ પણ આજ્ઞાંકિત પુત્રની માફક તેની દરેક આજ્ઞા માનથી સાંભળતો ને સલાહ પણ લેતો.

પુત્રી કહો તો પુત્રી, અને મા કહો તો મા, એવી કર્તવ્યપરાયણ જહાનઆરાની હુંફમાં અને મુરાદ તથા દારાની નાની પુત્રીઓ સાથે, શાહજહાન પોતાનું દુઃખ ભુલવા લાગ્યો. કુરાનના વાંચનમાં, સૈયદ મહમ્મદના ધાર્મિક વાર્તાલાપમાં અને ગરીબોને દાન દેવામાં તે ધીમે ધીમે વ્યવહારની કડવાશ ભુલી ગયો. છેવટનાં વર્ષોમાં તો તે ફીલસુફી પર, અને મૃત્યુ પછી શું છે તે વાત પર વિચાર જ કર્યાં કરતો. એની પ્રિય સારંગી પણ આ એકાંતમાં એની ઓછી મદદગાર ન હતી.

જે મૃત્યુની ધીમે ધીમે રાહ જોવાતી હતી તેણે ઇ. સ. ૧૬૬૬ના જાન્યુઆરી માસમાં દેખાવ દીધો. શાહજહાનને તા. ૭મીએ પ્રથમ તાવ આવ્યો અને પેટમાં સખ્ત દુઃખ થવા લાગ્યું. વૃંદાવન નામે એક પ્રવીણ વૈદે એ દુઃખ તો હઠાવ્યું; પણ પાછી નબળાઇ વધી ગઈ.

પરંતુ ચુમોતેર વર્ષના એના જર્જરિ શરીરમાં, એક સાંધે ત્યાં તેર તુટતાં હતાં. દવાની કાંઇ કારી લાગી નહિ અને પંદર દિવસ પછી ખબર પડી કે હવે મૃત્યુ

થશે જ એ ચોક્કસ છે. બાદશાહ શાહજહાન ભારે ધૈર્યથી આ કસોટી પાર કરતો હતો. તદ્દન શાંતિથી પોતાની ઉત્તરક્રિયા વિષે તેણે સુચના આપી, અને જનાનાની સર્વ શોકગ્રસ્ત સ્ત્રીઓને હિંમ્મત દીધી; જહાનઆરાને પાછળ રહેલાંની સંભાળ રાખવા કહ્યું; પોતાનાં સગાંવહાલાં અને નોકરોની છેલ્લી રજા લઇ લીધી; પોતાનું વસીઅતનામું કરી નાખ્યું; અને પછી કુરાનેશરીફ વાંચવાનો હુકમ કર્યો. ચારે તરફ ભારે દિલગીરીનું વાતાવરણ ફેલાયું હતું. દારા અને મુરાદની અનાથ પુત્રીઓ, પોતાના મૃત્યુ પામતા પિતામહ તરફ છાનાં આંસુ સારતી જોઇ રહી હતી. ત્યારે પણ શાહજહાન સંપૂર્ણ ભાનમાં, કુરાનેશરીફ સાંભળતો સુતો હતો. તેની નજર પોતાની અત્યંત વહાલી બેગમ મુમતાજમહાલની આરામગાહ જગપ્રસિદ્ધ તાજમહાલ પર સ્થિર થઇ હતી. ધર્મ અને પ્રેમના આવા સુંદર સંયોગ કાળે, તેના મોંમાંથી નીચલા શબ્દો નીકળ્યા:

'ઓ ખુદા! આ લોકમાં અને પરલોકમાં મને અભય બનાવ અને નર્કની જ્વાળાથી મને ઉગારી લે!'

એ છેલ્લા શબ્દોની સાથે તેનો આત્મા ચાલ્યો ગયો. અને બીજે દિવસે એનું મૃત શરીર, જમના નદીની પેલી મેર તાજમહાલમાં તેની પ્રિય પત્નીને પડખે અનંત કાળ માટે સુતું.

*

મોગલ સલ્તનતના છેલ્લા વૈભવશાળી બાદશાહની આ વાત થઇ. હવે છેલ્લા નામના મોગલ શહેનશાહની કેદનું કરુણ બયાન સાંભળવા જેવું છે. આ પછી એકસો બાણું વર્ષે, છેલ્લો મોગલ બાદશાહ બહાદુરશાહ ૧૮૫૭ના બળવામાં સામેલ હતો માટે, દીવાને ખાસમાં ચાર અંગ્રેજ અધિકારીઓએ તેનો ન્યાય કર્યો, અને તેને રંગુનમાં જન્મકેદ રાખવામાં આવ્યો! તૈમુર, બાબર, અકબર અને શાહજહાનના વંશજને, જ્યારે તે કેદમાં હતો ત્યારે, જે અમાનુષી વર્તણુકથી રાખવામાં આવ્યો છે તેનું કરુણ વર્ણન, ઈ. સ. ૧૮૫૮ના મે માસની અગીઆરમી તારીખે, લંડનના સેંટ જેમ્સ હૉલમાં પાર્લમેંટના એક સભાસદે નીચે પ્રમાણે કરી બતાવ્યું હતુંઃ 'હું તે અશક્ત અને વૃદ્ધ બાદશાહને મળ્યો છું, પણ તેના રાજમહેલમાં નહિ. એક સડી ગએલી ગંધાતી કોટડીમાં તે બિસ્તરા પર પડયો હતો. તેની પાસે ઓઢવા માટે એક જુની પુરાણી ફાટેલી ગોદડી સિવાય બીજું કાંઇ હતું નહિ. મેં તેને જોયો ત્યારે તેના ભૂતકાળના જીવનના પ્રસંગો તેના મનમાં ઘોળાતા હોય એમ મને લાગ્યું. બહુ મુશ્કેલીથી તે બેઠો થયો, અને તેણે પોતાનો હાથ મને બતાવ્યો. એ હાથ રોગથી ખવાઈ ગએલો હતો, અને તેના પર માખીઓ બણબણતી હતી! એમ થવાનું એક કારણ એ હતું કે તેને પુરતું પાણી મળતું નહિ! અત્યંત કરુણ સ્વરથી તેણે કહ્યું કે મને કાંઈ ખાવા મળતું નથી. આપણે જે વર્તણુક તેના તરફ ચલાવીએ છીએ તે વિષે હું કાંઇ મત આપતો નથી; પણ માત્ર એક સવાલ પુછું છું. કે આવી રીતે એક વખતના સુખી બાદશાહ પ્રત્યે વર્તણુક ચલાવવી તે આપણને છાજે તેવું છે?'

ઇ. સ. ૧૮૬૧ના નવેમ્બરની સાતમી તારીખે, રંગુનની જેલમાં બહાદુરશાહ મરણ પામ્યો, અને એ છેલ્લા મોગલ બાદશાહનું મુડદું પણ કાંઈ તોફાન ન કરી બેસે માટે, રાતના અંધારામાં, તે મકાન પાસે

જ દફનાવવામાં આવ્યું ! ઉર્દુ સાહિત્યમાં બહાદુરશાહનું નામ તેની સુંદર ગઝલોને માટે હજી પણ પ્રસિદ્ધ છે !

*

તુર્કસ્તાનના સુલતાનને હરાવીને તૈમુરે કેદ કર્યો હતો. જ્યારે તેને કેદી અવસ્થામાં તૈમુર પાસે રજુ કરવામાં આવ્યો ત્યારે તૈમુર તેની સામે જોઇને હસ્યો. એ જોઇને સુલતાનને ભારે ક્રોધ ચઢયો. તેણે તૈમુરને કહ્યું, 'વિજયના મદમાં છકી જવું નકામું છે. આજે તું વિજયી છે ને કાલે તારૂં શું થશે તે કોને ખબર છે?' તૈમુર વિદ્વાન માણસ હતો. તેણે જવાબ વાળ્યો, 'સુલતાન! કેદી શત્રુને અપમાન કરીને હસું એવો મૂર્ખ હું નથી. પણ આ લડાઇમાં તમારી એક આંખ જવાથી, અને મારે એક પગ નહિ હોવાથી, આપણા બન્નેમાં જે બેડોળપણું આવ્યું છે, તે જોઇને મને મનમાં ને મનમાં વિચાર આવ્યો કે રાજ્યસમૃદ્ધિમાં એવુ તે શું છે કે જેથી રાજાઓ અભિમાની બની જાય છે? શરીરને સુરૂપ ને ઘાટીલું કરનાર તો માત્ર એક ઇશ્વર છે. પોતાના બહારના ડોળદમામથી રાજાઓ રૂપ વધારવાનું શું અભિમાન લેતા હશે? આપણી રાજાઓની આવી મુર્ખાઈ પર મને હસવું આવે છે!'

પૂછો તંત્રીને



રેડીઅમ અતિશય કીંમતી ધાતુ છે. સોના કરતાં પણ કીંમતી. ઘણુંખરૂં તે દવાના ઉપયોગમાં આવે છે. એ સિવાય એવી કેટલીક ઘડીઆળો આવે છે કે જેમાં અંધારે પણ વખત જોઇ શકાય. એના આંકડા તથા કાંટા અંધારામાં ચમકતા હોય છે. એ આંકડા તથા કાંટાઓ ઉપર રેડીઅમ લગાડેલું હોવાથી તે ચમકે છે.

ફુલોમાં વાસ હોવાનું કારણ એ છે કે ફુલો પૃથ્વીમાંથી ઉગે છે; અને પૃથ્વીનો ગુણ ગંધ છે. ફુલ ઉગે છે ત્યારે તે એક જાતનું તેલ ઉત્પન્ન કરે છે. એ તેલમાં દરેક ફુલના ગુણ પ્રમાણેની વાસ હોય છે. એ સુગન્ધ, રોપાઓને પોષણ આપે એવાં જંતુઓને આકર્ષે છે અને નુકસાનકારક જંતુઓને પાસે આવતાં અટકાવે છે.

પહેલવહેલી ઘોડાની ટ્રામગાડી ઇ. સ. ૧૮૬૦માં મિ. ટ્રેઇન નામના માણસે ન્યુયૉર્કમાં ચલાવી.

ધરતીકંપ થવા વિષે ઘણી માન્યતાઓ છે. પૃથ્વીની અંદરનો ઓગળેલા ખડકોનો રસ (લાવા) જ્યારે બહુ ગરમ થાય છે ત્યારે પૃથ્વીના પાતળા પડને ધક્કા મારી હચમચાવે છે. બીજી માન્યતા એવી છે કે પૃથ્વીનાં પડો ઠંડાં પડે છે ત્યારે સંકોચાઇ જાય છે તેથી ધરતી ધ્રુજે છે. ત્રીજી માન્યતા એવી છે કે દરીઆનું પાણી લાવા નામના રસ સાથે ભળવાથી સમુદ્રની સપાટી હેઠળ વરાળ ઉત્પન્ન થાય છે તેથી ધરતી ધ્રુજે છે. પુરાણની કથા એવી છે કે પૃથ્વી શેષનાગની ફેણ ઉપર રહી છે. શેષનાગને ભાર લાગે ને ક્ષણવાર ફેણ હલાવે તેથી ધરતીકંપ થાય છે!

પાણીનું ટીપું ગોળ હોવાનું કારણ ગુરુત્વમધ્યબિન્દુનો નિયમ છે. સૃષ્ટિના એ નિયમને અનુસારે બધી વસ્તુઓ મધ્યબિન્દુ તરફ આકર્ષાય છે. એક દાખલો લઇએ. કોઇ મદારીનો ખેલ થતો હોય કે કાંઇ નવાઇ જેવી વસ્તુ જોવાની હોય ત્યારે લોકો ટોળે મળે છે. એ ટોળું કેવા આકારનું હોય છે? ગોળ જ. કારણકે જોવાની વસ્તુ ચારે તરફથી લોકોને પોતા તરફ ખેંચે છે. એ ટોળું ચોરસ, ત્રિકોણ કે લંબગોળ નથી હોતું તેનું એ જ કારણ છે. ટોળામાં દરેક માણસ એ જોવાની વસ્તુ (મધ્યબિન્દુ) તરફ જોરથી આકર્ષાય છે, અને તેથી ટોળું સહજ જ ગોળ બની જાય છે. એ જ પ્રમાણે પાણીના ટીપાનું પણ સમજવું. પાણીનું ટીપું પાણીનાં અસંખ્ય નાનાં નાનાં અણુઓનું બનેલું છે. એ અણુઓ ગુરુત્વમધ્યબિન્દુના નિયમ અનુસાર એકબીજાને વળગીને જોડાએલાં છે, તેથી તેનો આકાર ગોળ છે.

નવા સવાલ

માસિકો અને પુસ્તકોમાં જે રંગીન ચિત્રો આવે છે તે કેમ છપાતાં હશે?

એકથી દસ સુધીના અંક તથા કક્કો બારાખડી પહેલાં કોણે શોધી કાઢયાં?

નકશો બનાવવાની શોધ પહેલવહેલી કોણે કરી?

બી વાવવાથી ઝાડ કેવી રીતે ઉગતું હશે?

સૂર્યની ગરમી સવારસાંજ ઓછી ને બપોરે કેમ વધારે લાગતી હશે?

સૂર્ય ઉગતી ને આથમતી વખતે રંગો કેમ દેખાય છે?



ચિત્રકારઃ રવિશંકર પંડિત

પગને બાઝેલી વાઘણને તેણે ગળચી ઝાલીને છોડાવી, અને ધક્કો મારી પછાડી પોતે પણ ઉપર જ પડયો. —જુઓ પાનું ૩૩૪

[અનુસંધાન પૃષ્ઠ ૩૨૯ થી ચાલુ]

ગણવાનું તો આજે શાંત સત્યાગ્રહનો ઉપદેશ કરતાં જાહેર જીવનમાં તેઓ વારંવાર સૌને કહે છે. પણ જેમણે તેમના જીવનનો એકે દિવસ પણ જોયો છે તે જોઈ શકે કે તેમના જીવનનો સાર એમાં જ આવી જાય છે.

ઘણાં વરસની વાત છે. ત્યારે રંકની સાથેના અનુસંધાનના સાધન તરીકે રેંટીઓ ઉત્પન્ન થયો હતો;— એટલે રેંટીઆનો પ્રચાર ગાંધીજીએ શરૂ કર્યો ન હતો. અમે પટનાથી દિલ્લી જતા હતા. મોગલસરાઇ સ્ટેશન ઉપર ટીકીટ બદલાવવાની હતી. અતિશય ટાઢના દિવસો, એટલે મેં ગરમ પાટલુન અને ઓવરકોટ પહેરેલાં હતાં. પાટલુન પહેરતાં મેં રજા પણ લીધેલી. સ્ટેશન આવ્યું એટલે ઉતરીને હું ટીકીટ બદલાવવા ગયો, ને તરત બદલાવી લઇ આવ્યો. ગાંધીજીએ પુછ્યું, ‘ આટલી વારમાં ? તમે કોની પાસેથી લઇ આવ્યા ?’ મેં ખુલાસો કર્યો. જરા વિચારમાં પડીને કહે, ‘ તમે અંગ્રેજીમાં વાત કરેલી કે હિન્દીમાં?’ મેં કહ્યું, ‘અંગ્રેજીમાં.’ થઈ રહ્યું. વિષાદયુક્ત વાગ્ધારા ચાલી: ‘ હું જાણતો જ હતો. ઓવરકોટ અને પાટલુનનો ભભકો તો ખરો જ, અને તેમાં વળી અંગ્રેજીમાં વાત કરો એટલે પુછવું જ શું ? પેલો અંજાઇને ટીકીટ આપે એમાં નવાઇ શેની ? પણ તમને ખબર નથી કે કોઈ મારા જેવો ગરીબડો ગાય જેવો ટીકીટ લેવા જાય તો તેને અર્ધો અર્ધો કલાક રોકે છે અને ઘણીવાર તેમની ગાડી જાય છે ? તમારે સમજવું જ જોઇએ કે આપણે ત્રીજા વર્ગમાં ફરીએ છીએ તે ગરીબનાં દુ:ખો અને હાડમારી જોવા, તેમની હાડમારીના સાથી થવા અને તેના ઉપાયો શોધવા. આપણે ગરીબની જેમ વર્તીએ, ગરીબની ભાષામાં બોલીએ તો પેલા આપણી સાથે, ગરીબની જોડે જેવી બેજવાબ રીતે વર્તે છે તેવી રીતે જ વર્તે; અને તેમ થાય એટલે આપણે તેમને ઠેકાણે આણી ભવિષ્યમાં ગરીબોની સાથે સરખી રીતે વર્તતાં શીખવીએ. ’ આ સાત વર્ષ ઉપર બનેલા પ્રસંગના ભણકારા હજી સુધી મારા કાનમાં વાગે છે, અને હવે તેમની અનેક પ્રવૃત્તિમાં એ પુરાણી ગરીબનિવાજ વૃત્તિ લાગુ પાડવામાં આવતી જોઉં છું.

બીજો એક પ્રસંગ આ જ સ્થાને યાદ આવે છે. આગ્રા સ્ટેશન ઉપરથી તુંદલા જવા માટે રાત્રે એક વાગે ગાડી ઉપડે છે. મે મહીનાનો દહાડો એટલે ગરમીનું તો પુછવું જ શું ? ગાંધીજી સુતા હતા અને હું પંખો નાખતો હતો. પંખાએ તેમને ઉંઘ આવતી હતી એમ નહિં, પણ મને સેવાનો સંતોષ મળતો હતો. પંખો નાખતાં નાખતાં મારી આંખ ઢળી ગઇ, અને પંખો ક્યારે હાથમાંથી પડી ગયો તેની ખબર ન રહી. પણ વચ્ચે આંખ ઉઘડી તો જોયું કે ગાંધીજી મને પંખો નાખતા હતા ! આપણે સેવક બનવાનો દાવો ગમે તેટલો કરીએ, પણ આદર્શ સેવક હોવાનો તેમનો દાવો કોણ ખુંચવી લઇ શકે એમ છે ? આજે ભયંકર માંદગીમાંથી ઉભા થઈ, શરીરની ઘણી અશક્તિ છતાં પણ સાજા માણસના કરતાં અનેકગણું કામ કરીને, આશ્રમમાં જે કોઇ બીમાર હોય તેની પાસે પહોંચી જઇ, તેને બે મીઠા શબ્દો કહી, અને પોતાનું અપ્રતિમ હાસ્ય હસી, તેનું દુ:ખ ઓછું કરતા તો તેમને અનેક જણે જોયા છે.

અનેક ત્રિતાપથી દાઝેલા આ દેશના અને પરદેશના માણસો તેમને લાંબા કાગળો લખી પોતાનાં દુ:ખ રડે છે. તેમને સૌને પોતાને હાથે કાગળ લખીને આશ્વાસન આપવાનો તેઓ પ્રયત્ન કરે છે. એકવાર એવો પત્ર પોતે લખ્યો અને મને ટપાલમાં નાખવા આપ્યો. એ કાગળ લઇને મેં ખીસામાં મુક્યો. તુરત જ ટ્રેનમાં બેસવાનું હતું. ટ્રેનમાં બેસી કોઇ મોટે સ્ટેશને તે નાખી દઇશ એમ કરીને તે પત્ર મેં મારા ગજવામાં રાખી મુક્યો હતો. રસ્તામાં તેમણે પુછ્યું, ‘ પેલો પત્ર નાખી દીધો કે ? ’ ‘ ના ’ સાંભળતાંની સાથે જ તેઓ અધીરા થયા : ‘ એ પત્ર અમુક કલાક વહેલો ટપાલમાં પડી શકતો હતો છતાં તમે કેમ રહેવા દીધો ? તમને ખબર નથી કે મેં એ હાથે લખેલો, અને તરત જ નાખવાનો હતો ? એ લખ્યો તે વેળા જે ભાવથી લખેલો તે ભાવની અસર એ કાગળ તમારી પાસે પડી રહેવાથી ઓછી થઇ ગઇ. એ કાગળ જેને લખ્યો છે તેને મોડો મળે તો

તો તમને શી સજા કરવી એ સુઝતું જ નથી. દરેક વસ્તુ વિચારપૂર્વક જ થાય છે, અને વિચારમાત્રમાં બળ રહેલું છે. એટલે કાગળો નાખવામાં પણ મારી સાથે તમે સમય ન સાચવો તે ન ચાલે.' એમ કહી નિયમિતતાની ઉપર મને મોટું વ્યાખ્યાન આપ્યું, અને કહ્યું, 'તન્મયતા અને નિયમિતતા જેવા નાના પાઠો શીખો તોપણ ઘણું છે.'

ગાંધીજી એક પણ વસ્તુ તન્મયતા વિના કરતા હોય એવું મારી જાણમાં નથી. એનું એક દૃષ્ટાન્ત આપું. ગોરખપુરમાં એક જંગી સભા હતી. એવી જંગી સભા મેં કદિ નથી જોઈ. લાખ માણસની મેદની જામી હતી. ગાંધીજી પહેલાં શૌકતઅલી, મહમદઅલી કે કિચલુ, કોનું ભાષણ ચાલતું હતું તે મને યાદ નથી. કોલાહલ ખુબ મચી રહ્યો હતો. તે વખતે ગાંધીજી 'યંગ ઇન્ડીઆ' માટે એક અદ્દભુત લેખ લખી રહ્યા હતા. કોલાહલથી, કે પાંચ મીનીટ પછી પોતાને બોલવું પડશે એ વિચારથી એમની તન્મયતામાં જરા પણ ખલેલ પહોંચતી નહોતી. ગાંધીજી કહે છે કે 'તન્મયતા વિના મેં કંઈ કામ કર્યું નથી.' આમ જેમની પ્રવૃત્તિમાત્ર વિચારમય છે, અને જેમનું એક કાર્ય પણ હેતુ વિના થતું નથી તેમના જીવનનો એક દિવસ લઇને દિવસના એક એક કાર્ય ઉપર મોટાં વાર્તિક રચી શકાય એમ છે. હું એ ગાવા બેસું તેના કરતાં જે અસંખ્ય જણો તેમના જરા સરખા પણ સંપર્કમાં આવ્યા છે તેઓ પોતપોતાના અનુભવમાં આવેલા પ્રસંગો સાચવે તો યે બસ છે.

જાગૃત ચિંતન અને વિચારપૂર્વક ઘડેલા પોતાના જીવનને જેઓ ચમત્કાર માને તેમને વિષે ગાંધીજીને સખત ચીડ છે. ચમત્કાર જેવી કોઈ વસ્તુ નથી, નસીબ જેવી કોઇ વસ્તુ નથી એમ વારંવાર તેઓ કહે છે. પોતાના જીવનને વિચારપૂર્વક ઘડવાની ક્રિયાને તેઓ અનેકવાર અનેક ઉપમાઓ આપે છે. કદિ કહે, 'મારી તો પ્રસવવેદના ચાલી રહી છે. એ વેદના પુરેપુરી સહન કર્યા પછી જ સત્કાર્ય સંતતિનો જન્મ થશે;' તો કદિ કહે, 'મારૂં તો ચીતારાના જેવું કામ છે. ચીતારો થોડો જ કોઇને પુછવા જાય છે કે હવે ક્યાં લસરકો મારૂં? એ તો હરેક ઘડીએ પોતાની શક્તિ અને મતિ પ્રમાણે પીછી લગાવ્યા જ કરે છે, અને આખરે સંપૂર્ણ ચિત્ર તૈયાર કરીને જગત આગળ તે મુકે છે.'

અનેકવાર માણસોને હતાશ થતા જોઇને તેમણે કહ્યું છે, 'મેં મારી અપૂર્ણતાઓને જીતવાનો કેટલો પ્રયત્ન કર્યો છે તેની તમને ખબર નથી. હજી મારામાં અપાર અપૂર્ણતા ભરેલી છે.' એકવાર પોતાની બાળકાળની કથા કહેતાં કહે, 'આજે મારામાં તમે જે નિર્ભયતા જુઓ છો તે નિર્ભયતા લઇને જ હું જન્મ્યો હતો શું? એ નીડરતા હું ૧૭ વર્ષનો હતો ત્યાં સુધી તો મારામાં ક્યાંયે નહોતી. ત્યારે તો હું ભારે ડરકણ હતો. મને તો રાત્રે ઘરમાં દીવા વિના ઉંઘ ન આવતી. બહાર જતાં કોઈ સાથે ન હોય તો ઘરમાંથી પગલું મુકવાની હિમ્મત ન ચાલતી. મને ભુતપ્રેતની બીક લાગતી. વિલાયતમાં તો ચાર વર્ષમાં એકે ઠેકાણે મેં ક્યાંય ભાષણ કર્યું હોય એમ યાદ નથી.'

એ ભીરુતાનો તેમણે કેટલે બધે અંશે નાશ કર્યો છે તે સૌ આજે જાણે છે. એ નાશ તેમણે સતત પ્રયત્નથી જ કર્યો. એમણે કદિ ચમત્કારનો ડોળ કર્યો નથી, દેવનો સંદેશો પોતાને મળેલો છે એવો પણ દાવો કર્યો નથી, પણ સતત પ્રયત્નથી જ પોતાની ઉન્નતિ સાધી છે. હજી તો તેઓ માને છે કે મારે પારાવાર તપ કરવું બાકી છે. સતત પ્રયત્નથી માણસ જેટલો ચડી શકે એટલો તેને તેઓ ચડાવવા માગે છે. મને જ્યારે જ્યારે નિરુત્સાહ થતો જોયો છે ત્યારે ત્યારે તેમણે કહ્યું છે કે 'માણસ નિરાશ થઇ શકે જ નહિ.' ગાંધીજીના જીવનમાંથી જ આ એક જ વસ્તુ—સતત પ્રયત્ન લઇ આપણે પોતાને ચડાવવા પ્રયત્ન કરીએ તોપણ આપણે ઘણું કર્યું કહેવાશે.

ગાંધીજી કહે છે કે 'જુઠું ન સહન કરવાની શક્તિ, અપમાન ન સહન કરવાની વૃત્તિ મારામાં મુળથી હતી. પ્રસંગ આવ્યે એ પ્રગટી નીકળી. ન ઠગવાની, અને કશું છાનું ન રાખવાની વૃત્તિ મારામાં બાળપણથી જ હતી એમ મને લાગે છે. મારા એક મોટાભાઇ સાથે

એકવાર કાંઈક વસ્તુઓ લેવા માટે પૈસા ચોરવાનું મન થયું. મોટાભાઈના હાથમાં સોનાની કલ્લી હતી, તેમાંથી થોડું સોનું ઉખેડી તેને વટાવવા લઈ ગયા. પછી સંધ્યાકાળે મોં શી રીતે બતાવાય? એક નાનકડી ચિઠ્ઠી ઉપર બધું પાપ લખી કાઢ્યું, અને પિતાના હાથમાં એ ચિઠ્ઠી મુકી દીધી. એકવાર માંસ ખાવાનું બન્યું તે પણ હું છાનું ન રાખી શક્યો એટલે જ મેં તે પ્રગટ કર્યું. એ છાનું ન રાખવાની વૃત્તિ પ્રથમથી જ છે. બાકી બીજી વિશેષતા કશી નથી. હું કાંઇ નીશાળમાં ભારે વિદ્યાર્થી હતો એમ ન સમજશો. એકાદ સ્કૉલરશિપ તો મને મળી હતી. પણ હું એવો એકલવાયો બેસી રહેતો, એવો ડરકણ અને શરમાળ હતો કે બધા મને 'ઢ' જ માનતા. અને તે બરોબર હતું. મેં કાંઈ બહુ વાંચ્યું નથી. મારા કરતાં કદાચ તમે વધારે વાંચ્યું હશે.'

આ છેલ્લા વચનની સરળતામાં કટાક્ષ નહોતો જ, પણ મારી પોતાની સ્થિતિ જોઇને એ કટાક્ષરૂપે મેં મને લાગુ પાડ્યું. અનેક પુસ્તકો વાંચ્યા છતાં તેની કશી અસર જીવન ઉપર પડતી નથી, જ્યારે જીવન ઉપર અસર પાડવાને ખાતર જ ગાંધીજીએ પુસ્તકો વાંચ્યાં છે. રસ્કિનના જે પુસ્તકે ગાંધીજીના જીવનને ફેરવી નાખ્યું તે પુસ્તક ગાંધીજીના હાથમાં પહેલવહેલું મુકનાર માણસ જેવા પંદર વર્ષ ઉપર હતા તેવા ને તેવા જ આજે છે. ત્રીસ ત્રીસ વર્ષ ઉપર વાંચેલાં પુસ્તકો તેમના મનમાં એવાં રહી ગએલા છે કે તેનો ઉલ્લેખ તેઓ અણધાર્યે પ્રસંગે અને અણધારી રીતે કરે છે. એકવાર ગાંધીજી કલકત્તામાં સમાજસુધારા પરિષદ્‌ના પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ લખાવતા હતા. ભાષણમાં એક વાક્ય આવ્યું, 'આપણે એવી રીતે સેવા કરીએ કે જમણે હાથે જે કરીએ છીએ તેની ડાબાને ખબર પણ ન પડે; ત્યારે જ તે ઉત્તમ સેવા કહેવાય. સર ગિબીના કાર્યની ભારે અસર થઇ, કારણ તેની કોઇને ખબર નહોતી.' મેં પુછ્યું, 'એ સર ગિબી કોણ?' ત્રીસ વર્ષ ઉપર વિલાયતમાં એ નામની એક નવલકથા એમના હાથમાં આવેલી. તેમણે એક દિવસમાં એ પુરી કરીને છોડી. એ વાંચ્યાની વાત એમણે ખુબ આનંદથી મને કહી સંભળાવી. વિલાયતનાં પાયખાનાં તો અહીંનાં પાયખાનાં કરતાં અનેકગણાં સ્વચ્છ હોય છે. લંડનની કોઇ હૉટેલના પાયખાનામાં પોણો કલાક બેસીને એ પુસ્તક એમણે વાંચેલું. મને કહે, 'મુંગી સેવાનું માહાત્મ્ય ગાનાર એ એક સુંદર નવલકથા છે.'

ભગવદ્‌ગીતા તો તેમણે સેંકડો વાર વાંચી હશે. પણ બાઇબલ અનેક વર્ષ ઉપર વાંચ્યા પછી પાછું વાંચ્યું હોય કે નહિ તેની ખબર નથી. પણ એકવાર મારે બાઇબલમાંથી કેટલાક ઉત્તમ ફકરા જોઇતા હતા. એ માટે હું ભાઈ ઍન્ડ્રુઝ પાસે ગયો. તેમણે મને કહ્યું, 'બાપુ એ ફકરા જેટલા જલદીથી બતાવશે તેટલા જલદીથી બીજું કોઇ નહિ બતાવે!' આજે જે જીવનની પવિત્રતા જોઈને ખ્રિસ્તીઓ હેરત પામે છે, અને ગાંધીજી ઉત્તમોત્તમ ખ્રિસ્તી છે એમ અભિમાનપૂર્વક કહે છે તેની કુંચી ગાંધીજીના અપાર સંકલ્પબળમાં તો છે જ, પણ તેમના આદર્શ વિદ્યાર્થીજીવનમાં પણ છે. તેમણે ઉત્તમ એવું કશું જ નથી વાંચ્યું કે જે તેમણે પોતાના જીવનની સાથે વણી ન લીધું હોય. જેટલી સરળતાથી તેમની વાણીમાં સહજ ભાવે બાઇબલનાં વચનો આવે છે, તેટલી જ સહજતાથી બાઇબલનું ઉપદેશામૃત તેમની કૃતિમાં ઉતરેલું આપણે જોઈ શકીએ છીએ. 'તારો જમણો હાથ તને આડે આવે તો તેને તોડી નાખ; તારી આંખ તને અણખત કરે તો તેને ફોડી નાખ,' એ બાઇબલનાં વચનોનો પ્રખર પ્રાયશ્ચિત્તભાવ એમના જીવનમાં જેટલો ઉતરેલો જોઇએ છીએ તેટલો ભાગ્યે જ ક્યાંય જોઇશું.

પ્રાયશ્ચિત્તભાવની વાત કરતાં પોતાના વિષેની તેમની પરીક્ષાની વાત પણ કહી દઉં. એ પરીક્ષા ભારે આકરી છે. ઘણીવાર એ જ પરીક્ષા તેઓ બીજાને લાગુ પાડે છે, અને બીજા ઉણા ઉતરે છે એટલે તેમને ગાંધીજીની ઉગ્રતા અસહ્ય લાગે છે. જેલમાંથી આવ્યા પછી પોતાની પાછળ થએલી અવ્યવસ્થા સમારવાનું તેમણે શરૂ કર્યું, તેમાં તેમને આકરા

ઉપાયો લેવા પડ્યા, તે ઉપાયોનો અનર્થ થયો, અને ઉપાય વ્યાધિના કરતાં પણ વધારે વસમો નીવડ્યો. એટલે પોતાના તત્ત્વની અને જીવનની બધી પ્રખરતા આજે તેમણે સમેટી લીધી છે. ઘણાને એ વસ્તુ પણ આશ્ચર્યકારક લાગે છે, પણ જેઓ એમનું ખાનગી જીવન જાણે છે, ખાનગી જીવનમાં પણ અનેકવાર 'હાર' માનીને તેમણે પ્રેમની અમોઘ ઔષધી લાગુ પાડી છે એવો જેને અનુભવ છે, તેમને જાહેરમાં સ્વીકારેલી એ 'હાર' આશ્ચર્યકારક નહિ લાગે. અનેકવાર તેમના મનની ગતિની સાથે આપણી ગતિ નથી ચાલી શકતી. છતાં થોડે વિચારે સમજાય છે કે જે એક જ વસ્તુ એમના જીવનનો ધર્મ થઇ પડેલી છે—જે પ્રેમની એમને 'સહજ સમાધિ' થએલી છે તે પ્રેમમાં જ તેમની નાની અને મોટી પ્રત્યેક કૃતિની કુંચી મળી આવે છે.

એ પ્રેમથી જ તેઓ વારંવાર હતાશોને ધીરજ આપવા માટે કહે છે, 'તમે નબળા છો તેમાં તમારો વાંક નથી. મારી નબળાઇનો તમારામાં પડઘો પડે છે. હું નિર્વિકારી હોઉં તો તમે નિર્વિકારી થાઓને? અહિંસાને હરેક ક્ષણ ભજતો હોવા છતાં અનેકવાર માનાથી ક્રોધ થઈ જાય છે; બ્રહ્મચર્ય પ્રયત્ને પળાય છે, અને સૂક્ષ્મ રૂપે પળાવાનું તો હજુ બાકી છે. આજે સત્યનું આચરણ જેટલું અનાયાસે થાય છે તેટલું બ્રહ્મચર્યનું આચરણ અનાયાસે થતું હોય તો મારી આસપાસના તમે સૌ પણ એ જ દશા ભોગવો.'

ગાંધીજી નિર્વિકારી થશે ત્યારે તેની આસપાસના કેટલા નિર્વિકારી થઈ શકશે તે તો નહિ કહી શકાય; કદાચ ભાગ્યે જ કોઈ થાય એવું વચન અંતરમાંથી નીકળી જાય છે. પણ તેમના જીવનમાંથી નીકળતા આશાના અમર સંદેશનો જો ઇનકાર કરીએ તો તો તેમનું જીવન જાણ્યું અને જોયું મિથ્યા થાય. એ જોવાનું અને જાણવાનું જેમને મળ્યું તે સૌ ધન્ય-ભાગ્ય છે. એવા અનેક ધન્યભાગ્ય જીવોની સાથે આ દીન લેખકનું શિર પણ એ પ્રેમળ જ્યોતિના સ્મરણમાં નમે છે, અને સહજ ભાવે ઉદ્ગાર નીકળી જાય છે:

'ઓ અફૂલેર ફૂલ, ઓ અગતિર ગતિ;
ઓ અનાથેર નાથ, ઓ પતિતેર પતિઃ
ઓ નયનેર આલો, ઓ રસનાર મધુ;
ઓ રતનેર હાર, ઓ પરાનેર બંધુ.'

મહાદેવ હરિભાઈ દેશાઈ



નવાં ગીતો

લખનાર: ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ; પ્રકાશક, નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ. કીંમત ત્રણ આના

વાડીમાં કોઇ નવો ઉગતો ફુલ-રોપ જોઇ માળીને જેટલો હર્ષ થાય તેટલો હર્ષ અમને ભાઈ ત્રિભુવનનાં આ 'નવાં ગીતો' દેખીને થયો છે.

'નવજીવન'માં પ્રગટ થએલા 'રતનબાનો ગરબો' અને 'નહિ નમશે, નહિં નમશે' એ બે રાસાથી ભાઇ ત્રિભુવન જાહેર અને જાણીતા થયા. ત્યાર પછી પ્રથમ 'શીઆળો' કાવ્યથી 'કુમાર'માં શરૂ થએલી અને હજી નિયમિત પ્રગટ થતી એમની કાવ્ય-માળાથી તો એ 'કુદરતના કવિ' તરીકે સિદ્ધ થયા છે.

'નવાં ગીતો' સાચે જ 'ગીતો' છે. એ સઘળાં અમુક રાગમાં ગાઇ શકાય છે. કેટલાંક કટાવમાં બન્યાં છે; કેટલાંક કાઠીઆવાડી ઢાળમાં થયાં છે; અને બીજાં ઘણાંક તો એક સુંદર 'નવીન ધુન'થી લખાયાં છે. 'નવાં ગીતો', જોકે બાળકો માટે છે, તોપણ એમાંનો મોટો ભાગ તો કૌમારને યોગ્ય છે.

ભાઇ ત્રિભુવન સાચા કવિ છે. કુદરત અને કલ્પના એ બે સાચા કવિનાં અંગો છે, અને એ બન્ને 'નવાં ગીતો'ના લખનારમાં સુંદર રીતે ખીલેલાં છે. પ્રભાતનું મધુર ગાન રેલવવા જેમ ચંડોળ પક્ષી આભમાં ચડે, તેવા જ આ 'નવાં ગીતો'ના કવિ અમને લાગે છે.

પણ પ્રકાશન મન્દિરે આ 'નવાં ગીતો'માં 'ટ્રેન', 'ગોરો', 'નગારૂં', 'ભારતનિશાન' અને 'દેશગીત' જેવાં ગીત ન લીધાં હોત—અથવા જુદાં છપાવ્યાં હોત તો કવિના કવિત્વને વધુ ન્યાય મળવા સંભવ હતો. અથવા લખનાર ભાઇએ પોતે જ ગીતોની વાનગીઓ વીણીચુણીને આપી હોત તો સારૂં હતું.

જે 'ગોરો'ના ગીતનાં વખાણ થયાં છે તે અમને ખાસ ખુંચ્યું છે. ગોરાના અવગુણ અને નરી દુષ્ટતા ગાવામાં કુમારો આનંદ લે એમાં નથી ક્ષમા, નથી સુજનતા કે નથી કવિતા. અંગ્રેજ જાત માટે આવો ખોટો મત બાંધી ઉગતી પ્રજા મન બગાડે એ પાપ છે. ભાઇ જુગતરામ આ 'માર્મિક ગીત'ની વાહવાહ કેમ કરાવે છે અને એવા જ બીજા વિષયો કેમ સુચવે છે એ અમારાથી સમજાતું નથી. એવાં ગીતોમાં કાવ્યનો સાચો આત્મા તો નથી જ.

'ચંદા'માં સંગીત અને ભાવનો સરસ મેળ છે. કુદરતમાં જીવન અને ઇશ્વરનાં દર્શન થાય છે એમ કવિ ઠેરઠેર બતાવે છે. જુઓ 'ધોધ'ના ગીતમાં:

'હૈડાં હરખે ઉભરે
જાણે ઇશ્વર નજરે તરે!
જીવનના એ આપે બોધ,
ધમધમતા જંગલના ધોધ.'

'મધરાત'ની પહેલી કડીની કલ્પના કેટલી ભવ્ય છે!

રવિ શશીને પકડી પાડી,
ઉજ્જ્વળ અંબર ખેંચી લીધાં;
ઇલમ કરી કંઈ કાળાં રંગી,
વિશ્વ સકળ પર ઢાંકી દીધાં!
વર્ત્યું જગતને ધારણ ઘોર,
અંધારી મધરાત અઘોર!

'નવાં ગીતો'ની ચોપડી આમ તો નાની, સોંઘી અને સાદા દેખાવની છે; પણ સાથેસાથે તે અતિશય સરસ છે.

આવા 'કુદરતના કવિ'ની પહેલી ઓળખાણ 'કુમાર' પોતાના વાંચનારાઓને કરાવવા ભાગ્યશાળી થયું છે એ અમારે માટે આનંદની વાત છે.

ગુજરાતનું કૌમાર આ કવિની તથા એમની કવિતાની વધુ ઓળખપારખ રાખે એ ખરે જ ઇચ્છવાજોગ છે.

સ્વીકાર

મહાન નેપોલીઅન: પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, કીંમત રૂ. ત્રણ

સ્વામી રામતીર્થ ગ્રંથ ૩જો: પ્રકાશક, ઉપર પ્રમાણે, કીંમત રૂ. બે; અમદાવાદ બહાર રૂ. સવા બે.

સ્વામી વિવેકાનન્દ જીવનચરિત્ર (ભાગ ૧) તથા વિવેકાનન્દ વચનામૃત: લેખક અને પ્રકાશક, ડાહ્યાભાઈ રામચન્દ્ર મહેતા, અમદાવાદ.

શેરને માથે સવાશેર (એક ગમ્મત. નાટિકા): લખનાર, 'કોઇ પણ'; ગુજરાત નૂતન કાર્યાલય, રહીમતુલ્લા બિલ્ડિંગ, પિકેટ રોડ, મુંબઈ નં. ૨. કીં. આજે રૂ. ૦।; આવતી કાલે રૂ ૦॥.

હૃદયરણકાર: લેખક અને પ્રકાશક, રમણિક ૨. મહેતા, સાદરા. કીંમત ચાર આના.



આકાશદર્શન દૃષ્ટિ સાતમી


દેવયાની ભાદ્રપદા અને યામ્યમત્સ્ય


ભાદરવાની અમાસઃ સૂર્યોદય ૬ ક. ૩૧ મી.; સૂર્યાસ્ત ૬ ક. ૨૯ મી.

'દેવયાની' સપ્તર્ષિના જેટલી જ અગત્યની છે, કારણકે જ્યારે સપ્તર્ષિ દેખાતા નથી ત્યારે ઘણી વખત દેવયાની દેખાય છે. ધ્રુવની જે બાજુએ સપ્તર્ષિ છે તેની લગભગ સામી બાજુએ દેવયાની છે. (જુઓ આ કૉલમ નીચેનું ચિત્ર.) ધ્રુવથી દેવયાનીનું અંતર પણ ધ્રુવથી સપ્તર્ષિના અંતર જેટલું જ લગભગ છે. જ્યારે સપ્તર્ષિ આથમવાની તૈયારી કરતા હોય છે ત્યારે દેવયાની તરતની જ આખી ઉગી નીકળેલી હોય છે. એ વખતનો દેખાવ બહુ રમણીય લાગે છે. આ દેખાવ અમાસને દિને લગભગ સૂર્યાસ્ત વખતે થતો હોવાથી તે જોવા માટે વધારે સારા દિવસો ભાદરવા વદની શરૂઆતના છે. આ દિવસોમાં સૂર્યાસ્ત પછી લગભગ એક કલાકે આ દેખાવ જોઇ શકાશે. મેળાઓમાં 'ફજેતફાળકા' હોય છે, તેમાં એક જાત એવી હોય છે કે તેની બેઠકો ગાડીના પૈડાની પેઠે ઉપરનીચે ગયાં કરે છે. જાણે ધ્રુવ આવા એક ફાળકાની ધરી છે (જે સ્થિર રહે છે), અને સપ્તર્ષિ તથા દેવયાની ફાળકાની લગભગ સામસામેની બે બેઠકો છે. જેમ જેમ સપ્તર્ષિ નીચે જતા જાય છે, તેમ તેમ દેવયાની ઉપર આવતી જાય છે. દેવયાનીમાં પાંચ તારા છે અને તેમને જોડવાથી અંગ્રેજી અક્ષર W જેવો આકાર થાય છે. આ W માં ઉત્તર તરફ જે બે ખુણાઓ થાય છે તે દરેકના સરખા બે ભાગ કરનારી એવી બે સીધી લીટીઓ દોરીએ તો તેઓ ધ્રુવમાં જઇને મળે. દેવયાની પરથી ધ્રુવ શોધવાની આ રીત છે.

દેવયાનીના છેવટના પશ્ચિમ તરફના તારાને ધ્રુવ સાથે જોડનારી લીટીને દક્ષિણ તરફ લંબાવીએ તો તે લીટી બે ચળકતા તારામાં થઇને જશે. આ બે તારાની પશ્ચિમે આવેલા તેવા જ બીજા બે ચળકતા તારા મળીને એક લગભગ ચોરસ આકાર થાય છે. આ ચોરસને 'ભાદ્રપદા' કહે છે. (જુઓ આ કૉલમ નીચેનું ચિત્ર.) પશ્ચિમ તરફના બે તારા તે 'પૂર્વા ભાદ્રપદા' અને પૂર્વ તરફના બે તારા તે 'ઉત્તરા ભાદ્રપદા'. પૂર્વા ભાદ્રપદાના બે તારાને જોડનારી લીટીને ઉત્તર તરફ લંબાવીએ તો તે ધ્રુવમાં થઇને જશે; અને તે જ લીટીને દક્ષિણ તરફ લંબાવીએ તો તે એક અત્યંત તેજસ્વી તારામાં થઇને જશે. આ તારો યામ્ય એટલે દક્ષિણ દિશામાં હોવાથી તેને 'યામ્યમત્સ્ય' કહે છે. તે પહેલા મહત્ત્વ (દરજ્જા)નો તારો છે. તેનું યામ્યોત્તર રાતના ૧૦ ક. ૨૪ મીનીટે અને અસ્ત રાતના ૩ ક. ૨૮ મીનીટે થશે. ઉદય દિવસના હોવાથી દેખાશે નહિ.

હરિહર ભટ્ટ







માધુકરી

સાકરીઆ સ્વામી

સાકરીઆ સ્વામીનો આશ્રમ ચાંદોદમાં હતો. એમનું મુળ નામ વિશ્વેશ્વરાનન્દ સ્વામી. ઉમર સાઠેકની હશે. ગૌર ઉજળું ભારેખમ શરીર, હસમુખો, કાન્તિમય ચહેરો, ભગવાં વસ્ત્રોથી શોભાયમાન દેહ, માથું મુંડાવેલું, હાથમાં દંડ અને ખાંધે મીસરી સાકરથી ભરેલી એક ઝોળી.

જુવાનીમાં સત્તાવનના બળવા વખતે એમણે ઝાંસીની પ્રખ્યાત રાણી લક્ષ્મીબાઇના હાથ તળે એક અંગ્રેજ ટુકડીની સાથે જંગ ખેલેલો. રાણીજીના છેલ્લા દિવસો વિષે અનેક વાતો, પ્રસંગો એમને મોઢેથી સાંભળવા મળે. મહારાણીના મરણ પછી પોતાને હાથે એમનો પવિત્ર દેહ ચિતા પર ખડકી, અગ્નિસંસ્કાર કરી હૃદયની બળતરામાં એમણે સંન્યાસ લીધેલો.

નાનાં મોટાં, સ્ત્રી પુરુષ સૌ કોઇને સાકર ખાવા આપવાની એમને એક ધુન લાગેલી, અને તેને લીધે જ એમને લોકો 'સાકરીઆ સ્વામી' કહેતા. એમના મઠનો વાર્ષિક ખર્ચ માત્ર રૂપીઆ બાર હજાર હતો! સ્વામીજી એકાદ વાર રૂપીઆની ઉઘરાણીએ નીકળતા. કોઈ શેઠીઆને ત્યાં ચડાઇ કરી ગમે તેમ પૈસા કઢાવી લેતા. પછી આશ્રમે આવી મહા મહેનતે કઢાવેલો પૈસો બે દિવસમાં જ એકાદ મોટો ભોજન-સમારંભ કરી નાનાંમોટાંને ખવડાવી દેવામાં વાપરી નાખતા! એ દિવસમાં એમના આશ્રમને રસ્તે થઇને નીકળનાર કોઇની યે મગદુર નહિ (પછી તે મોટો રાજા હોય કે શહેનશાહજાદો હોય) કે તેમની પાસેથી મીઠાઇ ખાધા સિવાય નાસીને છુટી જઈ શકે. કોઈ છુટવાનો પ્રયત્ન કરે તો બાવાજી તેમને પકડી, ગિરફતાર કરી આશ્રમમાં ગોંધી રાખતા. આટલી મહેનત કરી, દુઃખ વેઠી આ પૈસો ભેગો કરવો શો, અને તેને આ પ્રમાણે બે દિવસમાં ઉડાવી દેવો શો? એક ભગવાન જાણે એનો અર્થ, અને બીજો જાણે એ અદ્ભુત મનુષ્યનો અંતરાત્મા! તે પછી રોજના દસ પંદર સાધુસંતોની સેવા વગેરે મઠના ખરચ માટે જે જોઇતું તે અનાયાસે, વણમાગ્યું જ આવી મળી રહેતું.

(ગાંધીયુગનું બંગાળા)

ગરીબ રેમિંગ્ટન

જેનું નામ દુનીઆના એક છેડાથી બીજા છેડા સુધી વિખ્યાત છે એવા એક યંત્રકારનું અવસાન થયું છે.

શેકસપીઅર અને ન્યુટનનાં નામ જેટલાં જાણીતાં છે તેના કરતાં યે વધારે જાણીતાં નામ, જેમણે લોકોને જીવનમાં ઉપયોગી વસ્તુઓ આપી છે તેમનાં થયાં છે. સંસારનાં સુખ-સગવડ વધારવામાં તેઓનો ફાળો નજીવો નથી જ.

સ્વર્ગસ્થ એલીફાલેટ રેમિંગ્ટન જુવાનીમાં લડાઇનાં હથીઆર બનાવતો. એક દિવસ એવો પણ આવ્યો કે જ્યારે દુનીઆભરમાં એની બંદુકની બનાવટ વખણાઈ. આમાં તે ધનવાન થઇ ગયો.

પણ રેમિંગ્ટને પોતાના ધનનું શું કર્યું? તેણે કોઈ ઠાઠમાઠવાળો મહેલ ન બાંધ્યો, ઘરની આગબોટ ન કરી, કે યુરપની ઝપકાબંધ સફર ન ઉડાવી. રેમિંગ્ટને મનથી માન્યું કે સાઇરેક્યુઝની વિદ્યાપીઠને સમૃદ્ધ કરવી. આથી તેણે પોતાનું ધન ખોબે ને ધોબે દાનમાં દેવા માંડ્યું. અંતે વિદ્યાપીઠના આચાર્યે કહ્યું કે દાતાએ પોતાને માટે કશું ધન બાકી રાખ્યું નથી. રેમિંગ્ટને ખરેખર કેળવણી પાછળ ભેખ લીધો હતો. એ શાન્ત માણસને પુસ્તકોનો પ્યાર હતો. વિદ્યાને એ પુજતો અને ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરતો.

પણ ભોગજોગે એની પેઢી મુશ્કેલીમાં આવી પડી. બજારમાં બંદુકની નવી જાત દેખાઇ. રેમિંગ્ટનની બંદુક જુની ઢબની ગણાઇ. દેવાળું કાઢવાની અણી ઉપર વાત ગઈ. એની પેઢીએ બંદુકો બનાવવી મુકીને કોઇ નવી શોધ કાઢવાનો મનસુબો કર્યો. થોડા જ મહીનામાં દુનીઆની જીભે 'રેમિંગ્ટન ટાઈપરાઇટર'નું નામ ચડી ગયું. એના શુભચિંતકો આ ઉદાર સજ્જનની ચડતી જોઇ આનંદ પામ્યા. રેમિંગ્ટનનું નામ દિન પ્રતિદિન પ્રખ્યાત થતું ગયું, અને દેશાપરદેશનાં ગામગામડાંમાં રેમિંગ્ટન ટાઈપરાઇટર પહોંચ્યું. પરંતુ આવું ટાઇપરાઇટર

શોધી લાખો ટાઇપિસ્ટોની રોજી બાંધનાર રેમિંગ્ટન જાતે બહુ જ ગરીબીમાં જીંદગી ગાળતો હતો. રેમિંગ્ટને એ યંત્રની શોધ કરી, પણ તેનો લાભ એને માટે સરજાયો ન હતો. રેમિંગ્ટનની પેઢીને પોતાનું આગલું દેણું ભરપાઇ કરવાનું હતું, બીજાં યંત્રોની હરીફાઈમાં ઉતરવાનું હતું, અને મજબુત પાયા ઉપર કામ કરવાનું હતું. પરતુ રેમિંગ્ટનને માટે તો એનાં પુસ્તકો, નિર્મળ ચિત્ત અને ભોળું હૃદય બસ હતાં. આ શાન્ત સ્વભાવનો માણસ પોતાના અભ્યાસમાં જ રચ્યોપચ્યો રહેતો.

ગરીબાઇના ગર્તમાં એ ઉંડો ને ઉંડો ખુંચતો ગયો, પણ એનાં રોદણાં એણે કદિ ન રોયાં. રેમિંગ્ટનનું યંત્ર વાપરનારા સૌએ મળીને એકએક શિલિંગ કાઢી આપ્યો હોત તોપણ એ તાલેવાન બન્યો હોત. છતાં એ ભલા માણસે છાની ગરીબી સેવી અને જગતનું સુખ જ વધાર્યુ.

સાઇરેક્યુઝની વિદ્યાપીઠના મંત્રીમંડળ આગળ આ ગરીબાઇની વાત પહોંચી. જે માણસે પોતાનાં દાનથી વિદ્યાપીઠને સમૃદ્ધ કરેલી, તેને ભુખમરો વેઠતો જોવો એ તેઓથી કેમ બને? સભા ભરીને તેઓએ ઠરાવ્યું કે આ સખીદિલ શખ્સનું ઘડપણ વિદ્યાપીઠે પાળવું. આને લીધે રેમિંગ્ટનના આખરના દિવસો ઠીક સુખમાં વીત્યા.

આથી વધુ સારા મૃત્યુની તેને ઇચ્છા ન હતી. છેલ્લી ઘડીએ એની આંખ મીંચાઈ ત્યારે એ સરસ્વતીનો પ્રિય ભક્ત હતો. પ્રભુની પાઠશાળા જેવી દુનીઆમાં એ ઉદારતાનું સરસ સૂત્ર શીખ્યો અને સૌકોઇને શીખવી ગયો.

હિન્દના વિદ્યાર્થીઓને અર્પણ

અમેરિકાના વિદ્યાર્થીઓ પોતાની આજીવિકા મેળવવા સારૂ જુદા જુદા પ્રકારની મહેનત કરી ભણે છે, અને નીચે પ્રમાણે કમાય છેઃ

કૉલેજોનાં ભોજનગૃહોમાં વિદ્યાર્થીઓ વાસણ માંજવાનું, પીરસવાનું, ટેબલ સાફ કરવાનું, પૈસા ઉઘરાવવાનું વગેરે કામ કરે છે. બદલામાં તેમને ૧॥ થી ૨ ડોલર (એક ડોલર એટલે આશરે ત્રણ રૂપીઆ) સુધીનું ખાવાનું રોજ મળે છે. બીજાં ભોજનગૃહોમાં પણ રસોઇ સિવાય બીજાં કામ કરીને દર અઠવાડીએ તેઓ ૩૫ થી ૪૦ ડૉલર જેટલું કમાય છે.

પૈસાદાર છોકરાઓના ટ્યુટર તરીકે, મોટાં ઘરોમાં વીજળીના 'સ્વિચબોર્ડ ઑપરેટર' તરીકે, ઑફિસોમાં ટ્રાન્સલેટર તરીકે, કૉલેજોની ઑફિસોમાં ક્લાર્ક તરીકે, દુકાનોમાં સેલ્સમેન તરીકે, અને કંપનીઓમાં એજંટ તરીકે પણ કામ કરીને તેઓ પૈસા મેળવે છે.

તાર લઇ જવા–લાવવાનું, છાપાંઓ વહેંચવા–વેચવાનું કે એવું મજુરીનું કામ કરીને તેઓ અઠવાડીએ ૧૮ થી ૨૨ ડૉલર કમાય છે.

છબી પાડનારાઓ કે ચિત્રકારોને ત્યાં કામ કરીને પણ હુન્નરઉદ્યોગ શીખે છે ને પૈસા મેળવે છે.

રજાના દિવસોમાં સારાં કુટુંબો સાથે હવાખાવાનાં સ્થળોમાં નોકર તરીકે કે મોટર હાંકનાર તરીકે રહીને ચારપાંચ માસમાં ૪૦૦ થી ૫૦૦ ડોલર કમાય છે.

ખેતરોમાં કામ કરીને તો તેઓ બહુ કમાય છે.

જો તેમને સારી ડિઝાઇનો અને નવા નવા નમુના આવડતા હોય તો ટોપીઓનાં કારખાનાંમાં કામ કરીને અઠવાડીઆના ૫૦ થી ૯૦ ડોલર તેઓ મેળવે છે.

વૈદક કે રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દવાવાળાને ત્યાં કે કોઇ દાક્તરને ત્યાં કામ કરીને સારૂં કમાય છે.

પુસ્તકો વેચીને પણ તેઓ એના વેચાણ પર ૩૦ ટકા કમીશન મેળવે છે, અને એ રીતે દરરોજના ૫ થી ૭ ડોલર મેળવે છે.

ઉનાળાની ઋતુઓમાં જ્યારે ફળનો પાક ઉતરવાનો હોય છે ત્યારે દર કલાકના એક ડોલર કે તેથી વધારેના દરે તેઓ નાણાં કમાય છે. આમ દિવસમાં છસાત કલાક ફળો એકઠાં કરવા રહીને પોતાના ખોરાકીખર્ચ ઉપરાંત અઠવાડીએ થોડુંક બચાવી પણ શકે છે.

(પુરુષાર્થ, શ્રાવણ ૧૯૮૦)

સુધારો

ગયા અંકમાં ૩૧૫ મે પાને 'તમારી ફુરસદે' વાળા વિષયમાં કાચ ઉપર નામ કોતરવા માટે ભુલથી 'હાઇડ્રોક્લોરિક' ઍસિડ વાપરવાનું લખ્યું છે તે 'હાઇડ્રોફ્લોરિક' ઍસિડ જોઇએ. હાઇડ્રોફ્લોરિક ઍસિડ બહુ નુકસાનકારક અને મોંઘી દવા છે. બજારમાં તે રબરની શીશીઓમાં વેચાતી મળે છે. નામ લખવાના નુસખા માટે તો તેનાં થોડાં ટીપાંની જ જરૂર પડે છે, એટલે તેથી બહુ ભારે નુકસાન થવાનો સંભવ નથી; પરંતુ તે વાપરતાં સાવચેતી રાખવી.

એ જ વિષયમાં ધાતુપર નામ કોતરવા માટે 'નાઇટ્રિક ઍસિડ' વાપરવાનું લખ્યું છે. પણ જે લોકોને નાઇટ્રિક ઍસિડ ન મળી શકે તેમને માટે એક સહેલો ટુચકો છે. ફુલાવેલો નવસાર અને મોરથુથુ એ બન્નેના ભુકા સરખે ભાગે લઈ પાણી સાથે મેળવી વાપરવાથી તે વડે પણ ધાતુ પર નામ કોતરી શકાય છે. પરંતુ એની અસર થતાં વાર લાગે છે, એટલે તેને લગાવ્યા પછી બે ત્રણ કલાક રાખી મુકવું જોઇએ.



લીલો મેવો

ન્યુયૉર્કની પોલીસે હમણાં એક માણસને ઘરબાર વગરનો હોવાથી પકડયો છે. તેણે ત્રણ વરસ જુદાં જુદાં સ્ટેશનોની પાટલીઓ પર સુઇને જ ગાળેલાં.

અત્યાર સુધીમાં દુનીઆમાં સૌથી વધારે નુકસાનકારક ધરતીકંપ ઇ. સ. ૧૫૫૬માં ચીનમાં થયો હતો. એ ધરતીકંપમાં ૮૩૦,૦૦૦ માણસોના જાન ગએલા.

એક મધમાખ એક ઋતુમાં એક લાખ ઇંડાં મુકે છે.

એક સેકન્ડમાં માખીની પાંખો ૮૦૦ વખત ફફડે છે. અને તેટલા વખતમાં તે ૨૫ ફુટ દૂર ઉડી શકે છે.

જ્વાળામુખીના ઠરી ગએલા લાવા રસના ૧૦૦ ફુટના થર નીચેથી હમણાં મેકિસકોમાં એક પીરામીડ મળી આવ્યો છે.

કૅનેડાના એક કુવામાંથી કુદરતી રીતે તૈયાર ગૅસ નીકળે છે.

ઑસ્ટ્રેલીઆના મુળ વતનીઓ કમળની નાળને ખોરાક તરીકે વાપરે છે.

કામશ્ચાટકાનાં રીંછ નદીનાં માછલાં ખાઇ જીવે છે.

આલાસ્કાના પ્રદેશમાં માછલાં પણ ન મળવાથી પ્રજા ભુખમરાથી પીડાતી હતી. એટલામાં કુદરત માતાએ એક બરફનો પહાડ મોકલી દીધો. ઉત્તર તરફથી તરતા આવેલા એ બરફના પર્વતમાંથી અસંખ્ય માછલાં નીકળી પડયાં!

ફુંક મારવાથી તો દીવો હોલાઇ જાય; પણ હવેથી ચાવી દબાવવાને બદલે ફુંક મારવાથી વીજળીનો દીવો પ્રગટે એવી યુક્તિ શોધવામાં આવી છે.

હીપોપૉટેમસ નામનું પ્રાણી વજનમાં આશરે વીસ મણ હોય છે.

આપણે સ્વપ્નામાં જુગના જુગ વીતી જતા જોઇએ છીએ; પણ એવું શોધી કઢાયું છે કે લાંબામાં લાંબું સ્વપ્ન પણ માત્ર થોડી પળ જ ચાલે છે.

વેમ્બ્લીના બ્રિટિશ સામ્રાજ્યના પ્રદર્શનમાં બાર વર્ષના એક કુમાર શિલ્પીના ઘડેલા આરસના સુંદર નમુનાઓ મુકવામાં આવેલા છે.

માપવા તથા જોખવા માટે ફ્રાન્સમાં મેટ્રિક સિસ્ટમ વપરાય છે. સીઆમ રાજ્યે હવે પોતાને ત્યાં એ માપ દાખલ કર્યું છે. જેનો ગજ તેનું રાજ.

કૉલોરેડોની એક ખાણમાં ૯૦ માણસો દટાઇ ગએલા. તેમને બહાર કાઢવા માટે ખોદકામ ચાલતું હતું તે દરમ્યાન તેમને જમીનની હેઠળ ૯૦ ફુટ સુધી એક નળી નાખી, તે વાટે હવા આપી અમુક દિવસો સુધી જીવતા રાખવામાં આવ્યા હતા.

એક એવું યંત્ર શોધવામાં આવ્યું છે કે તેનાથી જમીન ખેડાતી જાય, બી વવાતાં જાય, ખાતર પુરાતું જાય ને માથે માટી ઢંકાતી જાય! આ યંત્ર એક દિવસમાં દસ હજાર બી વાવી શકે છે.

દુનીઆના અડધા ભાગનો વીજળિક પ્રકાશ (એટલે ૩૫ કરોડ દીવા) એકલું અમેરિકા વાપરે છે.

દીવાદાંડીના કરતાં વાયરલેસના સંદેશાથી વહાણોનો સારો બચાવ થઇ શકે છે. કારણકે વાયરલેસ જે વહાણો નજીક હોય તેનાં ઠેકાણાં પણ કહી આપે છે, અને ગમે તેટલા ઘાડા ધુમસમાં પણ સંદેશા પહોંચાડી શકે છે; જ્યારે દીવાદાંડી ધુમસ વેળા નકામી.

પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર બાઈ મેરી કૉરેલીનું ખરૂં નામ કૅરોલિન કોડી હતું.

દુનીઆની બધી નદીઓમાં સતલજ નદીના પાણીનો વેગ સૌથી વધારે છે.

મેગ્નોલાઇટ નામનો એક એવો પદાર્થ થાય છે કે જે પત્થર જેટલો મજબુત હોય છે; છતાં લાકડાની માફક તેને જોઇએ તેમ કાપી કે વહેરી શકાય છે.

પાલમાયરામાં એક ૧૭૦૦ વર્ષનું જુનું ખંડેર મળી આવ્યું છે.

સેલેબીઅન ટાપુમાં ઉંદરોની એટલી ભુમ છે કે લોકો મંચુરીઆમાંથી મોટી કીંમત ખરચીને બીલાડીઓ વેચાતી લાવી પાળે છે!

બરફના પર્વતોને સુરંગથી તોડી ઉડાડી દેવામાં આવે છે.

કૅનેડાની કુમારસેના (બૉયસ્કાઉટ)માં ૫૦ હજાર બાલ સૈનિકો છે.

૧૯ વરસની મિસ બિશપ એમિલી નામની એક કન્યા પાદરી તરીકે નીમાઇ છે.

ઝાડ પર રહે તેવી જાતનાં દેડકાં પણ થાય છે. તે જીવડાં ખાઇ જીવે છે.